મંગલ મહોત્સવ સુવર્ણધામમાં



શ્રી પંચમેરુ–નંદીશ્વર–જિનાલયમાં
બિરાજમાન થનારા ભાવિ જિનેન્દ્રભગવંતોને
કોટિ કોટિ વંદન

કહાન સંવત–૫ [૪૯૬] * આત્મધર્મ * [અંક–૮ વર્ષ–૪૨] ફેબ્રુઆરી ૧૯૮૫

અધ્યાત્મ-સાધનાતીર્થ સુવર્ણપુરી-સોનગઢમાં

## શ્રી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

અહો! આનંદ-અવસર! મંગળ મહોત્સવ! પધારો! જરૂર પધારો!!

પ્રદીપ—નિરંજનભાઈ! આપણા ધર્મપિતા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલમય પુનિત પ્રભાવે, પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણવર્ષિણી છત્રછાયામાં સોનગઢ મધ્યે ઊજવવામાં આવનાર શ્રી પંચમેરુ નંદીશ્વરજિનાલયના 'શ્રી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ'ની ઉપસમિતિઓની મિટીંગ જે તા. ૫ અને ૬ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી હતી તેના શા સમાચાર છે?

નિરંજન—પ્રદીપ! તે પ્રસંગે હું પોતે સોનગઢ ગયો હતો. ત્યાંનું વાતાવરણ ઘણું આનંદમય છે. નાનાં-મોટાં બધાં પ્રતિષ્ઠામહોત્સવની તૈયારીમાં લાગી ગયાં છે. બધાં જિનાયતનોમાં રંગરોગાન થઈ રહ્યાં છે. જિનમંદિર, પરમાગમમંદિર વગેરે પોતાનાં ધવલકાન્તિયુક્ત ગગનચુંબી શિખરોથી નભમંડળને દિપાવી રહ્યાં છે. શ્રી નંદીશ્વરજિનાલયનું કામ ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીનાં 'વચનામૃત'નાં આરસપટ લગાવવાનું કામ પૂરું થઈ ગયું છે. સમાધિ-મંદિરમાં લગાવવાનાં ચિત્રપટ તૈયાર થઈ ગયાં છે. નંદીશ્વરજિનાલયમાં લગાવવામાં આવનાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટનું નિર્માણ-કાર્ય થઈ રહ્યું છે. શ્રી પંચમેરુના પર્વત તેમ જ નંદીશ્વરનાં મંદિરો લગાવવાનું કામ ચાલુ થઈ ગયું છે. રચના બધી અતિ ભવ્ય અને મનમોહક થઈ રહી છે.

પ્રદીપ—પ્રતિષ્ઠામહોત્સવ વિ. સં. ૨૦૪૧, ફાગણ સુદ ૧, બુધવાર તા. ૨૦-૨-૭૫ થી ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭-૨-૮૫ બુધવાર—આઠ દિવસનો રાખવામાં આવ્યો છે; તો શું આવડું મોટું ભગીરથ કામ આટલા અલ્પ દિવસોમાં તૈયાર થઈ જશે?

નિરંજન—હા, જરૂર થઈ જશે. બધી ઉપસમિતિઓ પોતપોતાનાં કામમાં લાગી ગઈ છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે શ્રદ્ધાભક્તિસમર્પિત દરેક મુમુક્ષુને

[ અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૩૧ ]

કહાન
સંવત-૫
વર્ષ-૪૧
અંક-૮
[ ૪૯૬ ]

વીર
સંવત
૨૫૧૧
A. D. 1985
FEB.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન–ગુરુ–પ્રસાદ

* આ વાતને કહેનારનો એને કેટલો વિનય હોય! હજુ જેને પરના (—દેવ-શાસ્ત્ર-ગુરુના) વિનયના ઠેકાણા નથી તેને સ્વનો વિનય પ્રગટે ઈ ત્રણ કાળમાં ન બને.

* ભાઈ! તને તારી દયા આવતી નથી!..માન-સન્માનની વાત તો ક્યાંય રહી ગઈ, પણ તું વિકલ્પ કરે છે ઈ તારું અપમાન છે અને વિકલ્પ છોડીને અનુભવ કર ઈ તારું સન્માન છે.

* તું જ્ઞાયક છો એમ નિર્ણય લાવ. જ્ઞાયક જ છે, પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે.

* પુરુષાર્થ કરું...કરું..., પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે, તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે; પણ એને 'કરું...કરું' કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે! પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે—તેમ જાણે છે.

* જેમ એક મોટા તપેલામાં છલોછલ પાણી ભર્યું હોય ને તેમાં તેના જ માપનો લાકડાનો ડટ્ટો નાખતાં બધું પાણી બહાર નીકળી જાય છે, તેમ આત્મામાં સિદ્ધની સ્થાપના કરતાં આત્મામાંથી બધો વિકાર નીકળી જાય છે.

* તું તને અલ્પજ્ઞપણે જણાય એવો તારામાં પ્રમેયત્વ ગુણ જ નથી. તું તને પ્રભુપણે જણાય એવો જ તારામાં ગુણ છે. —૦—

# પોતાના જ્ઞાનનેત્ર ખોલનાર ગુરુ કોણ ?

[ શ્રી યોગસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્રવચન નં. ૨૯ )

શ્રી યોગસારશાસ્ત્રમાં આ ૭૭ મી ગાથા ચાલે છે.

બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમરસલીન,<br>
શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭.

દિગંબર સાધુ યોગીન્દ્રદેવ ફરમાવે છે કે જે જીવ બે દોષને ત્યાગી, બે ગુણ ગ્રહણ કરી પોતાના આત્મામાં લીન થાય છે તે શીઘ્ર નિર્વાણપદને પ્રાપ્ત થાય છે. એમ જિનદેવનું ફરમાન છે.

રાગ-દ્વેષ એ બે દોષને ત્યાગી જ્ઞાન-દર્શનગુણને જ્ઞાની ગ્રહણ કરે છે. સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં પણ રાગદ્વેષમાં એકત્વ કરતાં નથી. જ્ઞાનીને રાગ-દ્વેષ હોય છે ખરાં પણ જ્ઞાની તેને રોગ તરીકે જાણે છે, અહિતરૂપ છે એમ માને છે. હિતરૂપ તો એક પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન અને અને રમણતા જ છે.

અજ્ઞાની જીવે અનંતકાળથી પોતાના સ્વરૂપની દૃષ્ટિ જ કરી નથી તેથી જ્ઞાની કહે છે કે પ્રથમ તું તારા અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની શ્રદ્ધા અને જ્ઞાન કર અને રાગદ્વેષ જે તારું સ્વરૂપ નથી તેમાંથી એકત્વપણાની શ્રદ્ધા છોડ!

દરેક આત્મા સૂર્યની જેમ સ્વ-પર પ્રકાશક શક્તિવાળા છે. પોતાને જાણે છે અને પોતાની હયાતી-મોજુદગીમાં રહીને જ અન્ય સર્વને પણ જાણે છે. એવો જ કોઈ આત્માનો સર્વજ્ઞત્વ અને સર્વદર્શીત્વ સ્વભાવ છે. આવા આત્માની શ્રદ્ધા અને જ્ઞાન કરવા તે પ્રથમ ભૂમિકા છે.

સિદ્ધભગવાનને જેવો અતીન્દ્રિય આનંદ છે તેવો જ અતીન્દ્રિય આનંદ મારામાં પણ છે, તેનો અનુભવ કરવો એ જ મારું કર્તવ્ય છે, અને એ જ મારો ખોરાક છે-એમ પ્રથમ શ્રદ્ધામાં લે! પોતાની સત્તાની ભૂમિમાં જ કર્તા-ભોક્તાપણું છે. પરની સત્તામાં રહેલાં પદાર્થને આત્મા કરી કે ભોગવી શકતો નથી.

પ્રશ્નઃ- કુંદકુંદઆચાર્ય કહે છે ને કે આત્મા પરને ભોગવે છે!

ઉત્તરઃ-એ તો નિમિત્તથી કથન છે, ખરેખર આત્મા પરને ભોગવતો જ નથી. આત્મા પરરૂપે થયા વગર પરને કરે કેમ અને ભોગવે કેમ? કુંદકુંદઆચાર્ય પોતે જ

કહે છે કે કુંભાર ઘડાને કરતો નથી. માટી ઘડાને કરે છે. એટલે કે વસ્તુ પોતે જ સ્વતંત્રપણે પરિણમે છે તેને અન્ય કોઈ કરી કે ભોગવી શકતું નથી. અજ્ઞાનદશામાં જીવ રાગ-દ્વેષ કરે છે અને ભોગવે છે અને જ્ઞાન દશામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર કરે છે અને ભોગવે છે. પરને તો આત્મા અજ્ઞાનમાં પણ ભોગવી શકતો નથી. ભાઈ! જગતના પદાર્થો તેની વર્તમાન અવસ્થામાં પરિણમી રહ્યાં છે અને પૂર્વની અવસ્થાથી બદલાઈ રહ્યા છે તેમાં તારે કરવા-ભોગવવાનું કયાં આવ્યું?

દરેક જીવ સ્વરૂપે પરમાત્મા છે. હું અતીન્દ્રિય પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ છું-એમ વારંવાર ભાવના કરવાથી એટલે કે તેમાં એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે અને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાય છૂટી જાય છે ત્યારે જીવ નિર્વાણ-પદને પ્રાપ્ત કરવાને લાયક બને છે.

ત્રણ રહિત ત્રણ ગુણ સહિત, નિજમાં કરે નિવાસ,
શાશ્વત સુખના પાત્ર તે, જિનવર કરે પ્રકાશ. ૭૮.

જે કોઈ જીવ રાગ, દ્વેષ અને મોહ આ ત્રણ દોષને છોડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આત્મામાં સ્થિર થાય છે તે અવિનાશી સુખનો પાત્ર બને છે એમ જિનેન્દ્રદેવ ફરમાવે છે, સંતો તેને જગત પાસે જાહેર કરે છે.

જેને પરમાનંદસ્વરૂપ નિજ આત્માની પ્રાપ્તિની ચાહના છે તેણે રાગ-દ્વેષ-મોહ છોડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મામાં સ્થિર થવું તે તેનો ઉપાય છે. પણ, અનાદિથી જીવે પોતાના સ્વરૂપને જોવા માટેની આંખ બંધ કરી દીધી છે અને પરને જ જોઈ રહ્યો છે તો જેને સ્વસ્વરૂપપ્રાપ્તિની ભાવના છે તેણે પોતાનું સ્વરૂપ જોવા માટે દૃષ્ટિ ખોલવી. એકવાર જ્ઞાનનેત્ર ખોલીને પોતાના ચૈતન્ય-આનંદસ્વરૂપ આત્માને જોવો, તેનું જ્ઞાન કરવું, શ્રદ્ધા કરવી અને તેમાં સ્થિર થવું. આમ કરવાથી જીવ મુક્તિની સમીપ આવી જાય છે, મુક્તિનો પાત્ર બને છે, શાશ્વત સુખનું ભાજન બને છે, તેને અલ્પકાળમાં શાશ્વત સુખની પ્રાપ્તિ થશે

પ્રશ્ન :—પ્રભુ! એ જ્ઞાનનેત્ર ખોલે કોણ?

ઉત્તર :—પોતાના જ્ઞાનનેત્ર પોતે ખોલે. ગુરુ ખોલી ન દે. ગુરુ પોતાના જ્ઞાનનેત્ર ખોલે. શિષ્યના જ્ઞાનનેત્ર ખુલવામાં ગુરુની વાણી નિમિત્ત હોય છે પણ તે કાંઈ શિષ્યના નેત્ર ખોલી દેતી નથી. ઉપાદાન તો પોતાનું છે. શ્રીમદ્‌માં આવે છે ને કે 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' તું વિચાર કરીશ તો પામીશ એમ કહ્યું છે. ગુરુ શિષ્યને જ્ઞાન પમાડી દેતા નથી. ઇષ્ટો-પદેશમાં પણ આવે છે કે પોતે જ પોતાનો ગુરુ છે. પોતે જ સમજનાર અને પોતે જ સમજાવનાર છે. જે આત્મા પોતાના હિતને ચાહે, હિતને બતાવે અને પોતે જ

હિતરૂપ વર્તન કરે તે ગુરુ છે. ઇષ્ટોપદેશમાં પૂજ્યપાદસ્વામીએ આવું પોતાના નિશ્ચય ગુરુનું સ્વરૂપ કહ્યું છે.

જેને નિશ્ચય ગુરુપણું પ્રગટ્યું છે તે વ્યવહારગુરુનો ઉપકાર બતાવે છે. મુનિઓ પણ એમ કહે કે 'અમારા ગુરુના પ્રતાપથી અમે ભવસાગર તરી ગયા છીએ.' નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીના ગોમ્મટસારમાં આ લખાણ છે. કુંદકુંદઆચાર્ય પણ લખે છે કે સર્વજ્ઞ ભગવાનથી લઈને અમારાં ગુરુ પર્યંત બધાંએ કૃપા કરીને અમને આ શુદ્ધાત્મા બતાવીને તેમાં ઠરી જવાનો ઉપદેશ આપ્યો છે.

જ્ઞાનીની દૃષ્ટિ એમ સ્વીકાર કરે છે કે હું વર્તમાનમાં જ આઠ કર્મ, પુણ્ય-પાપના વિકાર અને શરીરાદિ નોકર્મથી રહિત પૂર્ણ પરમાત્મા છું. દૃષ્ટિનું આવું જોર ક્યાંથી આવે છે?-કે આત્મામાંથી આવે છે. જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ સિવાય કોઈનો સ્વીકાર કરતી નથી. વર્તમાન અવસ્થા રાગયુક્ત અને કર્મના નિમિત્ત સહિત હોવા છતાં તેનાથી ભેદજ્ઞાન કરીને પોતાના વીતરાગ વિજ્ઞાનમય આત્માને અનુભવે છે તે પુરુષાર્થનું બળ કેટલું! આવા પુરુષાર્થી જીવો અલ્પકાળમાં મુક્તિ પામે છે.

વ્યવહારથી શત્રુ-મિત્ર, ધનવાન-નિર્ધન, રાજા-પ્રજા, દેવ-નારકી, પશુ-મનુષ્ય, સૂક્ષ્મ-બાદર, અનાથ-સનાથ, વિગેરે અનેક પ્રકારના ભેદો દેખાય છે, તેમાં સંસારનો લોલુપી જીવ ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરીને રાગ-દ્વેષ કરે છે. આમ વ્યવહારનયથી જગતનું સ્વરૂપ રાગ-દ્વેષ થવામાં નિમિત્ત બને છે, માટે જ્ઞાનીઓ નિશ્ચયદૃષ્ટિથી જ જગતનું સ્વરૂપ જુએ છે. નિશ્ચયદૃષ્ટિએ બધાં જીવો એક સમાન પરમાત્મા છે. ભગવાન આત્માનો સ્વભાવ જ સ્વને સ્વ તરીકે અને પરને પરરૂપે જાણવા-દેખવાનો છે.

રત્નત્રયસ્વરૂપી આત્મા અભેદદૃષ્ટિએ એકરૂપ છે. શુદ્ધ સ્ફટિક સમાન નિર્મલ છે, પરમ નિરંજન, પરમ જ્ઞાની, પરમ આનંદમય, પરમ પરમેશ્વર છે. આમ વારંવાર પોતાના આત્માને ધ્યાવવાથી સ્વયં આત્માનુભવ થાય છે તે જ સાચો મોક્ષમાર્ગ છે.

બનારસીદાસજીએ હિન્દી શ્લોક બનાવ્યો છે ને!-કે ધર્મી પોતાના સ્વરૂપને એમ વિચારે છે—'કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસસો ભર્યો અનાદિ ટેક હૂં; મોહ કર્મ મમ નાહિ, નાહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' મોહ ભ્રમનો કૂવો છે અને ભગવાન આત્મા શુદ્ધ ચેતનાનો સાગર છે. આવી દૃષ્ટિ કરવી તે સમ્યક્‌દૃષ્ટિ છે.

હવે ૭૯ મી ગાથા કહે છે—

કષાય સંજ્ઞા ચાર વિણ, જે ગુણ ચાર સહિત,
હે જીવ! નિજરૂપ જાણ એ, થઈશ તું પરમ પવિત્ર. ૭૯.

હે જીવ તું એમ મનન કર! કે મારો ભગવાન આત્મા ક્રોધ, માન, માયા, લોભ એ

ચાર કષાય અને આહાર, ભય, મૈથુન તથા પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી રહિત છે અને અનંત દર્શન, જ્ઞાન, સુખ અને વીર્ય એ ચાર ગુણોથી સહિત છે. હે જીવ! આમ મનન કરીને એવા સ્વભાવનો આશ્રય લઈશ તો તું પરમ પવિત્ર બની જઈશ.

આ જીવ અપનેકો આપ ભૂલકે, હૈરાન હો ગયા હૈ. તેને પોતાનો ભગવાન આત્મા કેવો છે તે જાણવાની પરવા પણ નથી. દયા, ભક્તિ આદિ પુણ્ય કરવાનું કહે પણ પહેલાં પોતે કોણ છે? કેવું પોતાનું સ્વરૂપ છે? એ તો જાણવું જોઈએ ને!

આંબામાં કેરી જેમ વધારે પાકે તેમ તે વધારે નમતો જાય છે તેમ મુનિરાજ જ્ઞાનીને કહે છે કે તારામાં તપ અને વિનય આદિ ગુણો છે તો નમ્રાંશ હોવી જોઈએ, રોગી પ્રત્યે દયા આવે છે તેમ અપરાધી પ્રત્યે પણ દયા લાવવી જોઈએ. ક્રોધ, માન, માયા, લોભ આદિથી મનને દૂર રાખવું જોઈએ. અને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાને જીતવી જોઈએ તથા અનંત દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય આ અનંત ચતુષ્ટય યુક્ત આત્માને ધ્યાવવો જોઈએ. કેમ કે જેને નિર્દોષ-પવિત્ર થવું છે તેણે નિર્દોષ-પવિત્ર ભગવાન આત્માને ધ્યાવવો જોઈએ, તો જ પવિત્ર થઈ શકાય. પવિત્રસ્વરૂપને ધ્યાવતાં જે સ્વાનુભવ પ્રગટ થાય છે તેની ઉગ્રતા તે જ શુકલધ્યાન અને તેનાથી અલ્પ નિર્દોષતા તે જ ધર્મધ્યાન છે.

આત્માનુશાસનમાં કહ્યું છે કે જ્યાં મગરમચ્છ હોય ત્યાં બીજા જીવ રહી શકતાં નથી કેમ કે મગરમચ્છ તેને ખાઈ જાય છે. તેમ જ્યાં સુધી ગંભીર અને નિર્મળ મનરૂપી સરોવરમાં ક્રોધ, માન, માયા, લોભરૂપી મગરમચ્છનો વાસ છે ત્યાં સુધી ગુણોનો સમૂહ શંકારહિતપણે ત્યાં રહી શકતો નથી. માટે હે જીવ! સમતા અને ઇન્દ્રિયદમન વડે આ ચાર કષાયો અને ચાર સંજ્ઞાને જીતવાનો પ્રયત્ન કર!

હવે ૮૦મી ગાથામાં યોગીન્દ્રદેવ પાંચ ઈન્દ્રિયનું દમન કરીને સંયમ તથા પાંચ અવ્રતનો ત્યાગ કરીને મહાવ્રત પ્રગટ કરવાનું કહે છે:

દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી સંયુક્ત,<br>
નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ. ૮૦.

જે ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ આદિ દશ ગુણ સહિત અથવા તો અનંત જ્ઞાન આદિ દશગુણથી સહિત છે તે આત્મા છે. આવા નિજ આત્માને તું ઇન્દ્રિયદમન અને અવ્રતના ત્યાગ પૂર્વક ભજ!

પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ફસાયેલું મન એટલે કે તે તરફની સાવધાનીવાળું મન આત્માનું ધ્યાન કરી શકતું નથી. પાંચ ઇન્દ્રિયમાં ઉલ્લસિત થયેલું મન અતીન્દ્રિય આત્માનું ધ્યાન ન કરી શકે. માટે પાંચ ઇન્દ્રિયને સંયમમાં રાખીને ઇંદ્રિયવિજયી બનવું જોઈએ.

જગતના આરંભ-પરિગ્રહથી છૂટવા માટે પણ હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના ભાવોથી વિરક્ત થઈને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રત પાળવા જોઈએ.

સાધુપદમાં મુનિરાજ દ્રવ્ય અને ભાવ બંને પરિગ્રહથી રહિત હોય છે. મુનિને અંતરમાં રાગરહિત નિર્ગ્રંથદશા છે અને બહારમાં વસ્ત્ર રહિત નિર્ગ્રંથ દશા છે આવા મુનિ થઈને એકાકીપણે શુદ્ધ નિશ્ચય દ્વારા પોતાના શુદ્ધાત્માનું મનન કરવું જોઈએ. જુઓ! મુનિને પણ શુદ્ધાત્માનું મનન કરવું તે જ મુનિપણું છે. શુદ્ધાત્મસ્વરૂપનું મનન એટલે તેમાં એકાગ્ર થવું તે મુનિનું કર્તવ્ય છે અને ગૃહસ્થાશ્રમમાં પણ પોતાના શુદ્ધાત્મામાં અંશે એકાગ્રતા કરીને નિર્મળતા પ્રગટ કરે છે તેને સમકિતી અથવા શ્રાવક કહેવાય છે.

(-ક્રમશઃ)

—o—

## * ચમત્કારીક સ્વભાવ *

એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન હોવાથી બહાર લોટે છે. શરીરને આત્મા અડતો નથી, વીંછીનો ડંખ શરીરને અડતો નથી ને વીંછી કરડે ત્યાં રાડ નાખે! આહાહા! શરીર આત્માથી બહાર લોટે છે તે આત્માને શું કરી શકે? પગ છે તે જમીનને અડતો નથી ને તડકો હોય ત્યાં પગ ગરમ થઈ જાય! પાણીને અગ્નિ અડતી નથી ને અગ્નિ હોય ત્યાં પાણી ગરમ થાય! જીવને કર્મ અડતા નથી ને કર્મ હોય ત્યાં જીવને વિકાર થાય! આહાહા! એ દ્રવ્યનો પોતાનો ચમત્કારીક સ્વભાવ છે પણ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું કરે શું? એ સિદ્ધાંત અંદરમાં બેસે તો ભ્રમણા ભાંગી જાય ને દૃષ્ટિ સ્વસન્મુખ વળી જાય.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# નિજાત્માની પ્રાપ્તિનો ઉપાય : નિજાત્માની ઉપાસના

[ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

( સળંગ પ્રવચન નં-૨૪ )

દિગંબર સંત પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટ ઉપદેશ શાસ્ત્ર છે. તેમાં આ ૨૩ મી ગાથા ચાલે છે.

અજ્ઞ-ભક્તિ અજ્ઞાનને, જ્ઞાનભક્તિ દે જ્ઞાન,
લોકોક્તિ—જે જે ધરે, કરે તે તેનું દાન. ૨૩.

જેની જે સેવા કરે તેને તેની પાસે જે હોય તે જ આપે. જેની પાસે જે વસ્તુ હોય જ નહિ તે સેવા કરનારને ક્યાંથી આપે? માટે જેની પાસે જે હોય તે જ તેને આપે એવી લોકોકિત છે, તેથી અહીં મુનિરાજ કહે છે કે શરીરાદિ જડ પદાર્થોની સેવા કરવાથી અજ્ઞાન જ મળે જ્ઞાન ન મળે, કેમ કે તેની પાસે જ જ્ઞાન નથી.

શરીર, કર્મ, પરપદાર્થ કે પુણ્ય-પાપના વિકારીભાવ કે જેમાં જ્ઞાન નથી તેની ઉપાસના કરવાથી જ્ઞાન ક્યાંથી મળે? અજ્ઞાન જ મળે આત્મા પોતે સત્‌ચિદાનંદસ્વરૂપ છે. સત્‌ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરપૂર તત્ત્વ છે જ્યારે પુણ્ય-પાપ ભાવ તો અચેતન તત્ત્વ છે. હિંસા જૂઠું આદિ પાપભાવ કે દયા-દાન આદિ પુણ્યભાવની ઉપાસના કરે તો તેની પાસેથી અચેતનપણું જ પ્રાપ્ત થાય-કર્મબંધન જ થાય જ્ઞાન ન થાય.

એક તરફ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો મોટો મહાસાગર ભગવાન આત્મા અને એક તરફ જ્ઞાન અને આનંદથી રહિત શરીર, પરપદાર્થ, કર્મ, વિકારીભાવ આદિ અચેતન તત્ત્વ છે. ચેતન અચેતનમાં એકાગ્રતા કરે તો તેને અચેતનપણું અને દુઃખ જ પ્રાપ્ત થાય. કેમ કે, જેની પોતે સેવા કરે છે તેની પાસે જ્ઞાન-આનંદ તો છે નહિ તો આપે ક્યાંથી?

એકકોર રામ છે અને એકકોર આખું ગામ છે. ભગવાન આત્મા તો પૂરણ જ્ઞાન અને આનંદનો પિંડ છે. તે રંગ-ગંધ-સ્પર્શ આદિથી રહિત 'અરૂપી' છે પણ પોતાના અનંત જ્ઞાન, આનંદ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિથી સ્વરૂપી છે. જીવનું લક્ષ જેટલું બહારમાં પરદ્રવ્યો ઉપર કે શરીર, કર્મ કે રાગાદિ ઉપર જાય છે તેટલું તેને અજ્ઞાન પ્રાપ્ત થાય છે અને જેમાં જ્ઞાન અને આનંદની મુખ્યતા છે એવા બીજા અનંત ગુણોથી ભરપૂર પોતાના સ્વભાવનું લક્ષ કરે તો તેને જ્ઞાન આદિ અનંત ગુણોની પ્રાપ્તિ થાય છે.

બહુ સાદી ભાષામાં ઊંચું તત્ત્વ ભરેલું છે. પૂજ્યપાદસ્વામી જીવની ખોટી માન્યતાને ઉડાવતાં જાય છે અને સ્વરૂપની સ્થાપના કરતાં જાય છે કે ભગવાન! તું પ્રભુ છો, અકૃત્રિમ ચીજ છો, સ્વયંસિદ્ધ પદાર્થ છો. તું કૃત્રિમ-કોઈના બનાવવાથી બનેલો નથી. તું તો અનાદિ અનંત શાશ્વત સ્વયંસિદ્ધ પદાર્થ છો, પણ તેં આજ સુધી કોઈ દિવસ પોતાના સ્વભાવ ઉપર નજર માંડી નથી.

પુણ્ય-પાપ ભાવ તો ચૈતન્યથી વિપરીત ભાવ છે. પણ પ્રભુ! તેને તો આપ પરંપરા મોક્ષનું કારણ કહો છો ને? અરે ભાઈ! એ તો નિમિત્તનું કથન છે. સમ્યગ્દૃષ્ટિને સ્વરૂપનું ભાન છે. તેથી શુભભાવ છોડીને વીતરાગ થાય છે એ અપેક્ષાએ વાત છે. બારભાવનામાં તો એમ કહ્યું છે કે રાગ એ પરંપરા અનર્થનું કારણ છે. ખરેખર તો અરાગી વીતરાગસ્વરૂપમાં તો દોષ છે જ નહિ પણ પોતે પર તરફ લક્ષ કરીને પર્યાયમાં રાગ-દ્વેષાદિનો દોષ ઊભો કરે છે.

પોતાના અનંત આનંદ, શાંતિ આદિ અનંત ગુણોની લક્ષ્મીને સંભાળે તે શેઠ છે. બાકી ધનાદિ જડ લક્ષ્મી સંભાળનારા શેઠ નથી, ભિખારાં છે; રાગના, પુણ્યપાપના, ધનના, શરીરના અને વિષયોના ગુલામ છે, શેઠ નહિ. આવા વિષયોની ગુલામી કરવાથી સેવા કરવાથી આત્માને જડપણું (અજ્ઞાનપણું) પ્રાપ્ત થાય છે.

અરે! દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પર છે, તેનું લક્ષ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય, એ પુણ્ય એટલે અજ્ઞાનપણું-અચેતનપણું પ્રાપ્ત થાય છે. (અજ્ઞાન એટલે અહીં મિથ્યાત્વની વાત નથી.)

અહીં બે અર્થ લીધાં છે. 'જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય' એટલે એક તો જ્ઞાનસ્વરૂપ નિજઆત્માની સેવા એટલે તેમાં એકાગ્રતા કરવાથી સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થાય. અને બીજો અર્થ જ્ઞાની પુરુષની સેવાથી એટલે કે તેણે ઉપદેશેલા આત્માને સેવવાથી અંતરમાં જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની ઉપદેશ આપે છે કે 'તારો આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. રાગદ્વેષ, પુણ્ય-પાપથી રહિત છે, તેની તું સેવા કર.' જ્ઞાનીના આવા ઉપદેશને જે માને અને પોતાના આત્માની ઉપાસના કરે તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આત્માનું હિત કેમ થાય તે માટેનો આ પ્રિય ઉપદેશ-ઇષ્ટોપદેશ છે. તેમાં એક-એક ગાથામાં પુણ્ય-પાપને ઉડાવીને, પોતાના સ્વરૂપની સેવા કરીને પોતાનું હિત કરી લેવાનો પ્રિય ઉપદેશ છે.

આ જીવે કદી પોતાની મહત્તા આંકી નથી. પોતાની પામરતા ઓળખી નથી અને પોતાની પ્રભુતા પણ ઓળખી નથી.

આ લોકોક્તિ તો પ્રસિદ્ધ છે કે 'જેની પાસે જે હોય તે તે આપે.' ધનવાન હોય તે ધન આપે અને જ્ઞાનવાન હોય તે જ્ઞાન આપે. આત્મા આત્મા પાસે માગે -આત્માની સેવા કરે-આત્મામાં એકાગ્રતા કરે તો પર્યાયમાં જ્ઞાન-આનંદ આદિ ચૈતન્યરત્નોનું દાન મળે. કેમ કે આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોની મોટી ખાણ છે તેમાંથી ચૈતન્ય ચમત્કાર પ્રગટ થાય છે અને જો જીવ સ્ત્રી પુત્ર, પરિવાર, ધન આદિની સેવા કરે તો પાપની પ્રાપ્તિ થાય, તેમાંથી સુખ કે જ્ઞાન ન મળે, કેમ, કે તેની પાસે તે છે જ નહિ.

આત્મસ્વભાવમાં વિકાર નથી તો તેનું લક્ષ કરવાથી વિકાર ન થાય. તેમ પુણ્ય-પાપ આદિમાં જ્ઞાન નથી તો તેનું લક્ષ કરવાથી જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય? ન જ થાય.

આહાહા...! ૨૧ મી ગાથાથી તો પૂજ્યપાદસ્વામીએ એકેએક ગાથા રણકાર મારતી ઉપાડી છે. ઇષ્ટ ઉપદેશ છે ને! ચિદાનંદ ભગવાનની સેવા અને એકાગ્રતા કરવાથી જ શાંતિ થાય. બાકી બીજો કોઈ શાંતિનો ઉપાય નથી. આ ઉપદેશ તે જ ઇષ્ટ ઉપદેશ છે. વિકારની સન્મુખતાથી તો ચૈતન્યની જાગૃતિ-શાંતિ રોકાય છે.

જ્ઞાનીના બે અર્થ કહ્યા, હવે અજ્ઞાનના બે અર્થ કહે છે. એક તો શરીર પુણ્ય-પાપ આદિ અજ્ઞાન છે અને બીજું, જે આત્માને પોતાના આત્માનું જ્ઞાન નથી, સ્વરૂપ વિષે ભ્રાંતિ છે અને શરીર અને શરીરની ક્રિયાથી લાભ માને છે, પુણ્ય-પાપથી લાભ માને છે એવા ભ્રમસહિત વ્યામોહ ચિત્તવાળા અજ્ઞાની ગુરુની સેવા કરવાથી સેવા કરનારને અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાનના ત્રણ દોષ છે-મોહ, ભ્રમ અને સંદેહ. અજ્ઞાની ગુરુ પોતે આ દોષોથી સહિત છે તેથી અન્યને પણ તે આ દોષોની પુષ્ટિ કરાવે છે. માટે જેને જન્મ-મરણ કેમ ટળે એ વિષે પણ ભ્રમ છે, અજ્ઞાન છે એવા અજ્ઞાની ગુરુની વાણી સાંભળવાથી તેમાં એકાગ્રતા કરવાથી સાંભળનારને પણ અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તો કહે છે કે આત્મા વીતરાગસ્વરૂપ છે તે એક સમયમાં વીતરાગ થવાની યોગ્યતાવાળો છે, એક એક આત્મા પૂર્ણ થવાને લાયક છે, પૂર્ણ સત્તા—લોકાલોકને જાણવાના સ્વભાવની સત્તા રાખનારો છે. આવા આત્માની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થાય છે. અજ્ઞાની ગુરુ તો બધું ઊંધુ મારે છે-આત્માને નામે ભ્રમણા કરે છે અને કરાવે છે.

ભગવાન આત્મા સહજાનંદ મૂર્તિ પ્રભુના અંતરસ્વભાવનું સાધન અંતરમાં પડ્યું છે તેને અન્ય પરસાધનની જરૂર નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિના સાધન વડે જ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. આ બધું પૂજ્યપાદસ્વામી લખી ગયા છે. તેઓ આભના

થાભ જેવા હતાં. તેમણે આખા કેવળજ્ઞાનના કંદ ઉભા રાખ્યાં છે. ધર્મધુરંધર સંતો હતાં તેની એકેએક ગાથા અને એકેએક શાસ્ત્રોની વાતો એટલે જાણે સાક્ષાત સિદ્ધની વાતો. આવી વાણી દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય ન હોઈ શકે "न भूतो न भविष्यति." જેણે કેવળજ્ઞાન તો હથેળીમાં લઈ લીધું છે, જેમને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાના ભણકાર વાગતાં હતાં.

પૂજ્યપાદસ્વામી, પદ્મનંદી આચાર્ય આદિ મહાસંતો-ધર્મના ધોરી પોકાર કરે છે. કે ભાઈ! સાંભળ રે સાંભળ એકવાર! તારી વીતરાગી શાંતિનું સાધન તારામાં છે બાપુ! વીતરાગી સંતો તને વીતરાગતાની વાત કહે છે. રાગથી લાભ મનાવે તે વીતરાગી સંતો નથી. વીતરાગતાના સાધકો વીતરાગતા જ બતાવે ને!

પ્રભુ! તુ નિર્વાણનાથ છો. મોક્ષનો સ્વામી છો. સ્ત્રી, પુત્ર, ધન આદિનો સ્વામી તું નહિ ભાઈ! તું તારું સ્વામીપણું સ્વીકારી લે. ભગવાન આત્મા એટલે 'ચૈતન્યસૂર્ય' એ ચૈતન્યસૂર્યની સેવા કરવાથી ચૈતન્યસૂર્ય પર્યાયમાં પ્રગટ થાય. જ્ઞાનની જાગૃતદશા થાય એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં પ્રાપ્ત થાય.

જ્ઞાનસ્વરૂપ નિજ આત્મા અથવા તો આત્મજ્ઞાન સંપન્ન સત્પુરુષોની તત્પરતા સહિત સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે-જ્ઞાન સાથે અનંતગુણોની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની પુરુષ શું કહે છે? શું કહેવા માંગે છે? એવાં અભિપ્રાયને પકડવાની તત્પરતા સહિત સેવાથી સ્વઅર્થ અવબોધરૂપ જ્ઞાન એટલે કે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્મા અરૂપી છે, પણ સ્વરૂપી છે. અનાદિ અનંત વસ્તુ છે. તેમાં અનંત જ્ઞાન આનંદ આદિ ગુણો વસ્તુરૂપે-શક્તિરૂપે, સ્વભાવરૂપે ભાવરૂપે શાશ્વત બિરાજમાન છે. ગુરુ કહે છે પ્રભુ! તું તેના તરફ ધ્યાન દે. બીજાનું ધ્યાન છોડી દે.

પ્રશ્ન:—જ્ઞાની શું આપે?

જ્ઞાની આશીર્વાદ આપે કે તું તારાં આત્માની વીતરાગતાને ઓળખ! નિર્દોષ ચૈતન્યમૂર્તિ ભગવાનને જાણ અને અનુભવ!

પ્રભુ! તું મહાન છો-તારું સ્વરૂપ મહાન છે. અખંડ આનંદથી ભરેલો પ્રભુ તું છો. તેનું જ્ઞાન કર! લીંડીપીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ દાણે-દાણે ભર્યો છે તેમ આ આત્માના દાણે-દાણામાં-પ્રદેશે પ્રદેશે આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ ભર્યા છે. તેનું જ્ઞાન કર!

પ્રશ્ન:—જ્ઞાનની સેવા કરવાથી જ્ઞાન મળે અને જ્ઞાનીની સેવાથી પણ જ્ઞાન મળે?

જ્ઞાની એટલે રાગ રહિત ચૈતન્યમૂર્તિ તે જ્ઞાની. શરીરવાળા કે રાગવાળા જ્ઞાની નથી. જ્ઞાનસ્વરૂપ જ્ઞાનીને જે ઓળખે તેને જ્ઞાન થાય અને મોક્ષ થાય.

જીવને પોતાના સ્વરૂપની મહિમાની ખબર નથી એટલે એક બીડીના ઠૂંઠામાં કે મીઠી દાળમાં કે એવા અનુકૂળ સંયોગોમાં મહિમા માનીને સંતોષાઈ જાય છે. પણ જો એકવાર સ્વભાવદ્રષ્ટિ કરે અને મહિમા આવી જાય તો પછી તે પર તરફ જોવા પણ ન રોકાય. પરચીજની મહિમા પછી તેને કોઈ કાળે ન આવે.

આ તો જુદી જાતની નિશાળ છે. લોકોને આ લાકડીમાં જાદુ હશે તેથી બધાં પૈસાવાળા થઈ જાય છે એવું લાગે છે પણ ભાઈ! જાદુ તો ચૈતન્યમાં છે. પૂર્ણ આનંદનો નાથ તો તું પોતે છે તો બહાર સંયોગમાં ક્યાં સુખ શોધવા જાય છે? ત્યાં સુખ જ નથી તો મળે ક્યાંથી?

અહા! બે ને બે ચાર જેવી સ્પષ્ટ વાત છે. આ કોઈ પક્ષની કે વાડાની વાત નથી. પૂજ્યપાદસ્વામીએ ટૂંકામાં ઘણું ભરી દીધું છે.

બનારસીદાસ બંધ અધિકારમાં લખે છે કે કોઈ લોકો ભગવાનના મૂર્તિ બનાવીને પૂજે છે, કોઈ પહાડ ઉપર ચડીને ભગવાનને ભજે છે, કોઈ આસમાન ઉપર તો કોઈ જમીન નીચે ભગવાનને શોધે છે એ બધાં પરચીજમાં ભગવાનપણું શોધે છે. પણ મને તો મારો ભગવાન મારામાં જ મને સ્પષ્ટ દેખાય છે. મારો ભગવાન ક્યાંય દેશાંતરમાં ગયો નથી. મારી પાસે જ છે તેને હું ભજું છું, અનુભવું છું.

જેને સર્વ જ્ઞાનીઓ અનુમોદે છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના આશ્રયથી પ્રગટે છે અને તેનું ફળ અવિનાશી કેવળજ્ઞાન છે. જે એકવાર પ્રગટ થયું તે થયું તેનો કદી નાશ ન થાય. માટે કહે છે કે અવિનાશીની સેવાથી અવિનાશી પર્યાય પ્રગટ થાય.

અરે! આ ખરેખર મોહનું માહતમ્ય છે કે આ ભગવાન ચિદાનંદને નહિ શોધતાં સ્ત્રી, પુત્ર, ધન, આબરૂ, પુણ્ય-પાપ આદિને શોધે છે. આ બધી મોહની મહિમા છે. ભગવાન ચૈતન્યમૂર્તિ સન્મુખની રુચિ અને પરિણતી પ્રગટ કરતો નથી અને શરીર, વૈભવ, પુણ્ય-પાપની રુચિ કરે છે કે આ બધું અનુકૂળ હોય તો મને ઠીક શરીર નિરોગી હોય તો ઠીક, પુણ્ય કરીએ તો પરંપરા ધર્મ થાય, સંસારિક બધી અનુકૂળતા હોય તો ધર્મ થઈ શકે આવી વિપરીત માન્યતાવાળાઓને ચૈતન્યમૂર્તિ ભગવાનના દર્શન ક્યાંથી થાય?

[ જુઓ અનુસંધાન પાનું ૧૭ ]

## * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

एकः जीवः जायते एकः गर्भे गृहणाति देहम् ।
एकः बालः युवा एकः वृद्धः जरागृहीतः ।। ७४ ।।

અર્થ :—જીવ છે તે એકલો ઊપજે છે. તે જ એક ગર્ભમાં દેહને ગ્રહણ કરે છે, તે જ એક બાળક થાય છે, તે જ એક યુવાન અને તે જ એક વૃદ્ધ-જરા અવસ્થાથી ગ્રહાય છે. ૭૪.

આ જગતમાં જીવ એકલો ઊપજે છે, તેની સાથે બીજું કોઈ ઊપજતું નથી. બે ભાઈ સાથે જન્મે અથવા ગલૂડિયાં સાથે જન્મે તોપણ દરેક જીવ એકલો જન્મે છે, તે જીવ ગર્ભમાં દેહને ધારણ કરે છે, તૈજસ, કાર્મણ શરીર તો સાથે હોય છે, પણ ઔદારિક શરીર ધારણ કરે છે. અહીં મનુષ્યની વાત લીધી છે. તે જ જીવ બાળક થાય છે, આત્માની અવસ્થા તેવી જ હોય છે, તે વખતે તેને એમ લાગે છે કે હું બાળક છું, હું રમતિયાળ છું વગેરે કલ્પના કરે છે ને જુવાન શરીર થાય ત્યારે આત્માના પ્રદેશો પણ તે મુજબ થાય છે, તે જ જીવ વૃદ્ધાવસ્થામાં પણ એકલો છે, શરીર ચાલે નહિ, આંખે દેખાય નહિ વગેરે અવસ્થામાં જીવ એકલો જુદી જુદી અવસ્થા ધારણ કરે છે. પણ હું એકલો ચિદાનંદ છું, રાગ વિનાનો છું એમ સમજણ કરી સ્વ હિત સાધતો નથી. ખાલી વૈરાગ્યપૂર્વક ઓઘે ઓઘે હું એકલો છું એમ બોલે તો તે પણ વ્યર્થ છે. હું શુદ્ધ આત્મા છું એવા ભાનપૂર્વક એકલાપણાની ભાવના ભાવે તે યથાર્થ છે.

एकः रोगी शोकी एकः तप्यति मानसैः दुःखैः ।
एकः म्रियते वराकः नरक दुःखं सहित एकः अपि ।। ७५ ।।

અર્થ :—એક જ જીવ રોગી થાય છે, તે જ જીવ શોક સહિત થાય છે, તે જ એક જીવ માનસિક દુઃખથી તપ્તાયમાન થાય છે, તે જ એક જીવ મરે છે અને તે જ એક જીવ દીન બની નર્કના દુઃખો સહન કરે છે. ૭૫.

એક જ જીવ રોગી થાય છે. તેના રોગમાં બીજો સહાય કરતો નથી, ક્ષય રોગ થાય તે પોતે ભોગવે છે ને પોતે દિલગીરી કરે છે. એકલો જ ચિંતા કર્યા કરે છે. આવા પ્રસંગો અનંતી વાર પ્રાપ્ત થયા છે. જગત આખું બળતરામાં સળગી રહ્યું છે. પોતે શોક કરે છે પણ પરથી જુદા શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરતો નથી. મૃત્યુ વખતે કોઈ સહાય આપી શકતું નથી. રાંકો થઈ સહન કરે છે. નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગર સુધીનું છે ત્યાં સુધી ત્યાં દુઃખ ભોગવે છે તે દુઃખને તે વેદે

અથવા કેવળી જાણે, તેની વેદના બીજો જાણી શકે નહિ, આવું અસહ્ય ને અકથ્ય દુઃખ છે. આવા દુઃખો જીવ એકલો સહન કરે છે.

एकः संचिनोति पुण्यं एकः भुनक्ति विविधसुर सौख्यम् ।
एकः क्षपति कर्म्म एकः अपि च प्राप्नोति मोक्षम् ।। ७६ ।।

અર્થ:—એક જ જીવ પુણ્યનો સંચય કરે છે. તે જ એક જીવ દેવગતિના સુખ ભોગવે છે, તે જ એક જીવ કર્મની નિર્જરા કરે છે અને તે જ એક જીવ મોક્ષને પ્રાપ્ત થાય છે. ૭૬.

એક જ જીવ પુણ્યનો સંચય કરે છે, એકના પુણ્ય બીજાને કામ આવતાં નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે આત્માનો સ્વભાવ એ જ બંધુ છે. આત્માની નિર્મળ દશા એ આત્માની સ્ત્રી છે. આત્માના ગુણો એ જ આત્માનો સમાજ છે. બૈરા, છોકરાં, કુટુંબ વગેરે આત્માનાં નથી, જીવ જેવા શુભભાવ કરે તેવાં પુણ્ય બંધાય છે. કોઈ જીવ બીજાનાં પુણ્યમાં, નિર્જરામાં કે ધર્મમાં સહાયક નથી, તેમજ કોઈ ક્ષેત્ર કે જીવ નિર્જરા કરાવતા નથી. પોતે એકલો કર્મની નિર્જરા કરે છે ને પોતે જ મોક્ષને પામે છે.

ભાવાર્થઃ—તે જ જીવ પુણ્યોપાર્જન કરી સ્વર્ગ જાય છે ને પોતે પોતાનાં કર્મનો નાશ કરી મોક્ષે જાય છે. મરતી વખતે સાધ્ય રહે કે અસાધ્ય થાય તોપણ એકલો પોતાની દશાને ભોગવે છે, એક જીવે રૂઢિ મુજબ આખી જિંદગી સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિ કરેલ પણ આત્માનું ભાન ન હતું, મરવા ટાણે બીજાઓએ કહ્યું. કે "ભાઈ, મહાવીરનું નામ લ્યો," ત્યારે તે બિમાર માણસે કહ્યું કે "મહાવીર અત્યારે નહિ, અત્યારે તો બહુ વેદના છે." આખી જિંદગી સામાયિક કરેલ પણ મરણ ટાણે મહાવીરના નામ પ્રત્યે પણ અરુચિ થઈ આવી. જુઓ, આત્માના ભાન વિના કહેવાતી સામાયિકના ફળમાં શાંતિ હોઈ શકે નહિ. દરેક જીવ પોતે કર્મ ઉપાર્જન કરે, પોતે ભોગવે ને પોતે કર્મનો નાશ કરી મોક્ષ જાય છે.

स्वजनः पश्यन्नपि स्फुटं न दुःखलेशं अपि शक्नोति गृहीतुं ।
एवं जानन् अपि स्फुटं तदपि ममत्वं न त्यजति ।। ७७ ।।

અર્થ :— સ્વજન અર્થાત્ કુંટુંબ છે તે પણ આ જીવને દુઃખ આવતાં તથા તેને દેખવા છતાં પણ તે દુઃખને લેશ પણ ગ્રહણ કરવાને અસમર્થ થાય છે. આ પ્રમાણે પ્રગટપણે જાણવા છતાં પણ તે કુટુંબથી ( આ જીવ ) મમત્વ છોડતો નથી. ૭૭.

દીકરાને વ્યાધિ હોય તો બાપ તેનું દરદ લઈ શકતો નથી, રોગ આવે કે મરે તો એકલો બધું સહન કરે છે, કોઈ મદદગાર નથી. "દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું

ભાન જો" દેહ રહિત એકલા ચૈતન્યનું ભાન કરે તો ધર્મ ને શાંતિ થાય તેમ છે. અન્ય કોઈ શરણભૂત નથી માત્ર એકલો દુઃખને જ ભોગવે છે. આવું પ્રગટ જુદાપણું હોવા છતાં પરથી હું ભિન્ન છું, એવું ભાન કરતો નથી, ત્રણલોકના નાથ પણ સહાયક નથી. આખી જિંદગી ધર્મનો અભ્યાસ ન કર્યો ને આત્મા શું છે તે વિચાર્યું નહિ, તે મરણ વખતે શાંતિ રાખી શકશે નહિ, પણ જીવને મમત્વ છોડવું ગમતું નથી, નિવૃત્તિ લેવી ગમતી નથી. ઘણાં કામ લક્ષમાં લીધાં હોય તેથી મમતાની આડે હું ઘરડો થયો છું, એવું પણ તેને લાગતું નથી. ઘણાં દુઃખ સહન કરે પણ મમતાભાવને અજ્ઞાની જીવ છોડતો નથી.

હવે કહે છે કે—આ જીવને નિશ્ચયથી એક ધર્મ જ શરણ છે.

जीवस्य निश्चयतः धर्मः दशलक्षणः भवेत स्वजनः।
सः नयति देवलोके सः एव दुःखक्षयं करोति॥ ७८॥

**અર્થ—"આ જીવને પોતાનો ખરો હિતસ્વી નિશ્ચયથી એક ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણ ધર્મ જ છે, કારણ કે તે ધર્મ જ દેવલોકને પ્રાપ્ત કરાવે છે તથા તે ધર્મ જ સર્વદુઃખના નાશરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવે છે. ૭૮.**

આ લખનાર સ્વામીકાર્તિકેય મુનિ હતા. છઠ્ઠે, સાતમે ગુણસ્થાને બિરાજતા હતા તેથી મુનિની પ્રધાનતાથી વાત કરી છે. આ જીવને ખરેખર હિતસ્વી તો ક્ષમાદિ દશ ધર્મો છે. પોતાના સ્વભાવમાં સ્થિરતા કરવી તે ઉત્તમ ક્ષમા છે. માણસો પરસ્પર એક બીજાને હિતસ્વી છે. વળી કહ્યું કે ધર્મ દેવલોકને પ્રાપ્ત કરાવે છે, ધર્મથી દેવલોક મળતો નથી પણ પંચમ આરાના મુનિ છે. સંપૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાન થઈ શકે તેમ નથી. સાધકદશામાં જે શુભ રાગ આવે છે તેના વડે દેવલોક પામે છે. પોતામાં મહાવ્રત આદિનો રાગ તેમ જ બીજા પ્રત્યે ધર્મનો રાગ વર્તે છે તેવા શુભરાગના ફળમાં દેવગતિ પામે છે.

સાક્ષાત્ ચારિત્રધર્મ સર્વદુઃખનો નાશ કરાવી મોક્ષને પ્રાપ્ત કરાવે છે. લોકો માને છે તેવા ચારિત્રની વાત નથી, આત્મા શરીરના રજકણનો ને રાગનો જ્ઞાતા છે તેમ શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર સ્થિરતા કરે તેને વીતરાગતા ને ચારિત્ર થાય, તે ધર્મ છે.

લોકો માને છે કે વેપારમાં ૫૦ વરસના ભાગીદાર હોય ને સાથે વેપાર કર્યો હોય તે હિતસ્વી ખરા કે નહિ? ના. તે બધા જુદે જુદા છે. એક બીજાનું કાંઈ કરી શકે નહિ. અનાદિથી અત્યાર સુધી જીવે અજ્ઞાનનો વ્યાપાર કર્યો છે. જડ પદાર્થોનો વ્યાપાર કર્યો નથી, જ્ઞાન કે અજ્ઞાન તે ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. ઉપયોગના બાર ભેદ છે તે બધા ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. તે શાસ્ત્ર,

ઇન્દ્રિયો કે ચશ્માને અનુસરીને થતા પરિણામ નથી. ઇન્દ્રિયો ને મનની સહાયતાથી મતિજ્ઞાન થાય છે એમ જે વ્યાખ્યા આવે છે. તેમાં તો ઉપયોગ વખતે કોણ નિમિત્ત હતું તે બતાવે છે, પણ ઇન્દ્રિયો ને મનને લીધે જ્ઞાન થતું નથી. અહીં તો કહે છે કે બાર પ્રકારના ભેદો તો સ્વતંત્ર છે, તે ભેદ પણ આત્માનું ખરૂં સ્વરૂપ નથી, એકલો અભેદ આત્મા તે જ ખરું સ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરવા જેવા છે ને તે જ હિતસ્વી છે.

"દર્શન-મોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ-ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો."

એકલા શુદ્ધ ચૈતન્યસ્વરૂપના જ્ઞાનની વાત કરી છે, માટે હે ભવ્યાત્મા! તું શરીર અને ઇન્દ્રિયોથી આત્મા જુદો છે, એમ જાણ! આત્માને જાણતાં પરદ્રવ્યો જણાઈ જશે, ભાવાર્થમાં કહ્યું છે કે:—ધર્મ સિવાય અન્ય કોઈ હિતસ્વી નથી, એકલા જીવને શરીરથી ભિન્ન જાણ, શરીર, મન, વાણી ઇન્દ્રિયો ઉપરનું લક્ષ અને પુણ્ય-પાપના પરિણામ ઉપરનું લક્ષ છોડવા જેવું છે.

અખંડ જ્ઞાયકની રુચિ કર, એકલો અખંડ આત્મા જ ઉપાદેય છે, બાકી બધું છોડવા યોગ્ય છે. (-ક્રમશઃ)

—o—

[ નિજાત્માની પ્રાપ્તિ.......પાનું ૧૩ થી ચાલુ ]

ચૈતન્યદેવની સન્મુખતા કરે, સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરે તો આત્માની શાંતિ અને વીતરાગતાનું ઉત્તમ ફળ તુરત જ પ્રાપ્ત થાય. ચૈતન્યરાજાની સેવાથી ચૈતન્યની જાગૃતિનું ફળ મળે.

હે ભદ્ર! જ્ઞાનીની ઉપાસના કરીને પ્રગટ થઈ છે સ્વપર વિવેકરૂપી જ્યોતિ જેની એવા આત્માને આત્મા દ્વારા આત્મામાં જ નિરંતર સેવ. શુદ્ધાત્માને—રાગાદિ રહિત વીતરાગ નિર્મળ આત્મા આત્મા દ્વારા એટલે નિર્વિકલ્પ અનુભવ દ્વારા નિરંતર સેવનીય છે.

શ્રીમદ્ લખે છે કે "અનન્ય શરણના આપનાર એવા સદ્‌ગુરુદેવ છે." પણ તે નિમિત્તથી કથન છે. ખરેખર તો અનન્ય શરણનો આપનાર પોતાનો ચિદાનંદ ભગવાન આત્મા છે તેની ઓળખાણ કરીને તેમાં જ એકાગ્રતા કરવી તે એક જ કર્તવ્ય છે.

(-ક્રમશઃ)

—o—

# * સર્વજ્ઞની વાણી કેવી હોય ? *

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અરિહંત ભગવાનનું સ્વરૂપ કહ્યું. હવે તેમની વાણીનું સ્વરૂપ કહે છે. અર્હંતની વાણી તે આગમ છે. જેને અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થાય તેને આત્માનું જ્ઞાન થયા વિના રહે નહિ. અર્હંતદેવ કેવળજ્ઞાનાદિ ગુણસહિત છે, ને ક્ષુધાદિ દોષ-રહિત છે, કારણપરમાત્માની ભાવનાથી તેમને કાર્યપરમાત્મદશા પ્રગટી છે, એવા અર્હંત પરમાત્મા છે. તેમના મુખથી નીકળેલી વાણી તે પરમાગમ છે, તેનું સ્વરૂપ હવે કહે છે :—

પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,
તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.

અર્થ :—તેમના મુખમાંથી નીકળેલી વાણી કે જે પૂર્વાપર દોષરહિત (-આગળ-પાછળ વિરોધ રહિત) અને શુદ્ધ છે, તેને આગમ કહેલ છે; અને તેણે તત્ત્વાર્થો કહ્યા છે. ૮.

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવના મુખકમળમાંથી નીકળેલી વાણી તે આગમ છે; તે વાણી પૂર્વાપર દોષરહિત હોય છે. પહેલાં પુણ્યને બંધનું કારણ કહે, ને વળી તેને મોક્ષનું પણ કારણ કહે-એવો પહેલા-પછીના કથનમાં વિરોધ ન હોય, ચારે અનુયોગનું કથન પૂર્વાપર વિરોધ વગરનું છે.

કોઈવાર દયાને પુણ્ય કહે ને કોઈવાર દયાથી ધર્મ કહે— એવી ભગવાનની વાણી હોતી નથી. ભગવાનની વાણી પૂર્વાપર વિરોધ રહિત જ છે. જેમાં પૂર્વાપર વિરોધ હોય તે વાણી સર્વજ્ઞની નથી. પર્યાયને અંતર્મુખ કરીને જેમણે વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરી, તેમની વાણીમાં પરસ્પર વિરુદ્ધતાવાળું કથન ન હોય, આ સર્વજ્ઞની વાણીનું પ્રથમ લક્ષણ છે. જગતનાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધાં સ્વતંત્ર છે એમ પણ કહે ને પછી એમ કહે કે બીજાને લીધે પર્યાય થાય તો તેમાં પૂર્વાપર દોષ છે; તે વાણી વીતરાગની ન હોય. ચૈતન્યસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય, ને રાગને લીધે પણ થાય-એવું પરસ્પર વિરુદ્ધ કથન વીતરાગની વાણીમાં હોય નહિ.

દ્રવ્યાનુયોગમાં કહ્યું કે કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ. દેહની ક્રિયાને આત્મા કરી શકે નહિ, અને ચરણાનુયોગમાં એમ કહ્યું કે 'જોઈને ચાલવું' ત્યાં તેનો અર્થ શરીરને ચલાવવાની ક્રિયા આત્મા કરે છે એમ બતાવવું નથી, પણ પ્રમાદના અશુભ પરિણામ ન થઈ જાય તે માટે તે કથન છે. એ રીતે તે બન્ને કથનમાં વિરુદ્ધતા નથી પણ મેળ છે.

સર્વજ્ઞદેવની વાણીમાં ગમે તેટલી અપેક્ષાનાં કથનો આવે પણ ક્યાંય વિરુદ્ધતા ન હોય. એટલે તે વાણી દોષરહિત છે અને શુદ્ધ છે. શુદ્ધ ચૈતન્ય આત્માનું અવલંબન લેવાનું બતાવતી હોવાથી તે વાણી પણ શુદ્ધ છે. રાગ, નિમિત્ત વગેરેનું અવલંબન છોડ ને તારા શુદ્ધ ચિદાનંદ કારણપરમાત્માનું અવલંબન કર! એમ વીતરાગની વાણી સ્વભાવનું જ અવલંબન લેવડાવે છે, માટે તે વાણી શુદ્ધ છે. આવી નિર્દોષ અને શુદ્ધ વાણીને આગમ કહેવાય છે. આવા લક્ષણથી શાસ્ત્રને પરખવાં જોઈએ. જે પરાશ્રયે લાભ બતાવે, રાગથી ધર્મ મનાવે, પર્યાયની પરાધીનતા મનાવે–તે વાણી નિર્દોષ નથી ને શુદ્ધ નથી, તે વાણી આગમ કહેવાય નહિ.

સર્વજ્ઞદેવે કહેલી વાણી જ નિર્દોષ અને શુદ્ધ છે, અને તે વાણીએ તત્ત્વાર્થો કહ્યાં છે. સાત તત્ત્વો, દ્રવ્ય, ગુણ, પર્યાય ઇત્યાદિ તત્ત્વાર્થને વીતરાગની વાણીએ જ બતાવ્યાં છે. સાત તત્ત્વો કે દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થ સ્વરૂપ બીજે ક્યાંય પણ યથાર્થ હોતું નથી. આવાં આગમને ઓળખ્યા વગર ગમે તેનાં લખેલાં કુશાસ્ત્રને માને તો તેને આગમની વ્યવહાર શ્રદ્ધા પણ નથી. સર્વજ્ઞદેવે જે પરમાગમ કહ્યાં અને જે સંતોની પરંપરામાં ચાલ્યા આવ્યાં છે તે જ સાચાં પરમાગમ છે. એવાં પરમાગમ જ તત્ત્વાર્થ સ્વરૂપ બતાવનારાં છે.

ટીકાઃ—આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.

“તે (પૂર્વોક્ત) પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ ચતુર વચનરચનાનો વિસ્તાર–કે જે ‘પૂર્વાપર દોષ રહિત’ છે અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયા શૂન્ય હોવાથી ‘શુદ્ધ’ છે તે–પરમાગમ કહેવામાં આવેલ છે.”

ધર્મીની વાણી અનેક ભાવથી ભરેલી ગંભીર હોય છે. સર્વજ્ઞતા ખીલી ત્યાં વાણીની રચના પણ ચતુર હોય છે. વાણીનો કર્તા આત્મા નથી, પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે જ્યાં આત્માની પવિત્રતા પ્રગટી ત્યાં વચન પણ ઘણા ભાવો ભરેલા ચતુર નીકળે છે. સર્વજ્ઞની વાણીમાં ગમે તેટલો વિસ્તાર હોય પણ ક્યાંય પૂર્વાપર વિરોધ ન હોય.

ભગવાન રાગના અભાવવાળા છે, ને તેમની વાણી પણ હિંસાદિ પાપક્રિયાથી રહિત છે, રાગ પણ ખરેખર પાપ જ છે. સર્વજ્ઞની વાણી વીતરાગતા બતાવનારી છે, તે રાગરહિત છે, રાગનું જ્ઞાન કરાવે, પણ રાગથી લાભ ન મનાવે. અન્ય કુશાસ્ત્રો છે તે તો પાપસૂત્ર છે, ને તે તો રાગથી ધર્મ મનાવતા હોવાથી હિંસાદિ પાપક્રિયા સહિત છે. સર્વજ્ઞની વાણી ચિદાનંદસ્વભાવના આશ્રયે જ કલ્યાણ બતાવનારી છે. રાગના

આશ્રયે કલ્યાણ કહેનારી નથી. તે વાણી હિંસાદિ પાપ ક્રિયાઓથી રહિત છે, તેથી શુદ્ધ છે. વ્યવહારના આશ્રયથી ખરેખર લાભ મનાવે તે પણ પાપ ક્રિયામાં જાય છે. સર્વજ્ઞની વાણી રાગનું જ્ઞાન કરાવે છે તેથી તે વાણી શુદ્ધ છે. ભગવાનને પોતાને રાગનો અભાવ છે, ને તેમની વાણીમાં પણ રાગનું પોષણ કરાવે તેવો ઉપદેશ નથી, તેથી તે વાણી શુદ્ધ છે.

હવે તે વાણી કેવી છે તે વિશેષ પણે કહે છે:—"ભગવાનની વાણી ભવ્ય જીવોએ કર્ણરૂપી અંજલિથી ( ખોબાથી ) પીવાયોગ્ય અમૃત છે."

વાણી છે તો તેના શ્રોતા પણ છે, એમ વાણીની સામે શ્રોતા કાઢ્યા. જેમ હાથના ખોબામાં ભરી ભરીને પાણી પીએ તેમ ભવ્ય જીવોએ કાનરૂપી ખોબા ભરી ભરીને પીવા જેવી ભગવાનની વાણી અમૃત છે. ભગવાનની વાણીને ઝીલનારા શ્રોતાજનો ન હોય એમ ન બને. ભગવાન વક્તા છે ને ભવ્ય જીવો તેમની વાણીનું શ્રવણ કરીને ઝીલે છે–એમ કહ્યું.

પરમાગમ મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે. એટલે જે જીવ આગમનું જ્ઞાન કરે તેને મુક્તિસુંદરીનું મોઢું દેખાય છે. ભગવાનના મુખથી નીકળેલી વાણી મુક્તિનું મુખ-કમળ દેખાડનાર દર્પણ છે. ભગવાનના મુખથી વાણી નીકળી, તેની સામે મુક્તિના મુખની વાત કરી. ભગવાનની વાણીને ઓળખે તેને પોતાની મુક્તિની નિ:શંકતા થઈ જાય, માટે તે વાણી મુક્તિનું મુખ દેખાડનાર દર્પણ છે. વીતરાગવાણી સિવાય ક્યાંય મુક્તિ કે મુક્તિનો માર્ગ નથી.

"વળી તે પરમાગમ સંસારસમુદ્રના મહા વમળમાં નિમગ્ન સમસ્ત ભવ્ય જનોને હસ્તાવલંબન ( હાથનો ટેકો ) આપે છે."

સંસારસમુદ્રમાં પડેલા જીવોને આત્માનું સ્વરૂપ બતાવે છે તેથી મોક્ષમાર્ગમાં લઈ જવા માટે તે વાણી ટેકારૂપ છે. પણ જે પોતે ઓળખે તેને ટેકો કહેવાય. ચોરાશીના અવતારરૂપી દરિયામાં ડૂબેલા ભવ્ય જીવોને સંસારથી તરવા માટે જિન-વાણી હસ્તાવલંબન સમાન છે.

વળી તે પરમાગમ કેવાં છે? "સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે." શિખામણિ = ટોચ ઉપરનું રત્ન: ચૂડામણિ: કલગીનું રત્ન. પરમાગમ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે, કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.

પરમાગમ કોઈ પરદ્રવ્યમાં પ્રેમ કરાવતાં નથી, પણ સમસ્ત પર પદાર્થો પ્રત્યે સહજ વૈરાગ્ય કરાવે છે; ચૈતન્યના અંતરના પરિણમનમાં સહજપણે રાગનો અભાવ થઈ જાય છે, સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગના અભાવરૂપ વૈરાગ્ય સહજપણે પરિણમી જાય છે.

આવા સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિરૂપ પરમાગમ છે. એકલો વીતરાગભાવ જ પરમાગમમાં ભર્યો છે. પરમાગમ સ્વભાવની પૂર્ણતા તો વર્ણવે જ છે, અને પર પ્રત્યેના રાગના અભાવરૂપ વીતરાગતા પણ વર્ણવે છે. વિષયોમાં સુખ મનાવે કે રાગ થાય તો વાંધો નહિ-એમ કહે તે વીતરાગનાં વચન નથી. જ્ઞાનીના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો ત્યાં રાગ પોષવાનો હેતુ નથી, પણ સ્વભાવદૃષ્ટિનું જોર બતાવવાનો હેતુ છે, એટલે તે વચન પણ વૈરાગ્યને જ પોષનારાં છે.

ચૈતન્યસ્વભાવનું ભાન કરાવીને તેમાં એકાગ્ર કરાવે છે, ને અનંતા પરનો પોતામાં અભાવ બતાવીને તેનાથી વૈરાગ્ય કરાવે છે. વીતરાગની વાણી તીર્થંકરો અને કેવળી ભગવંતોથી પણ ઉદાસીનતા કરાવીને સ્વભાવમાં વળવાનું કહે છે. વીતરાગની વાણી પ્રત્યે પણ પરમાગમ વૈરાગ્ય કરાવે છે. આ રીતે પરમાગમ સહજ વૈરાગ્ય કરાવનારાં છે, તેથી તે સહજ વૈરાગ્યરૂપ મહેલની ટોચ ઉપરનું રત્ન છે.

વળી તે પરમાગમ કદી નહિ જોયેલા એવા મોક્ષ મહેલનું પ્રથમ પગથિયું છે.

જીવે મોક્ષ કદી જોયો નથી, તે મોક્ષ મહેલનું પહેલું પગથિયું આગમ છે. પગથિયે આવે તેને મોક્ષ થયા વિના રહે નહિ.

વીતરાગની વાણી વિના સમ્યગ્દર્શન થાય નહિ, માટે તેને મોક્ષનું પહેલું પગથિયું કહ્યું છે.

વળી તે પરમાગમ કામ-ભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગરૂપ અંગારાઓ વડે શેકાતા સમસ્ત દીનજનોના મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ સજળ મેઘ (–પાણી ભરેલું વાદળ) છે.

કોઈપણ પર પદાર્થના કર્તા–ભોક્તાપણાનો ભાવ તે અંગારો છે, તેમાં અજ્ઞાની દીનજનો અનાદિથી શેકાઈ રહ્યા છે. વિષયભોગમાં સુખ નથી, પણ તે તો અંગારા છે. તેમાં મહાક્લેશ—પરની ઈચ્છા કે પરને ભોગવવાની ઈચ્છા કરીને અજ્ઞાનીજનો દીનપણે અપ્રશસ્તરાગરૂપ અંગારામાં શેકાય છે. જેમ સક્કરકંદ અગ્નિમાં બફાઈ જાય તેમ અજ્ઞાનીજનો કામ-વાસનામાં દીનપણે શેકાઈ રહ્યા છે. જેને ચૈતન્યનું ભાન નથી તેઓ રાગરૂપી અંગારામાં શેકાય છે. તેવા જીવોના મહાકલેશનો નાશ કરવા માટે વીતરાગની વાણી સજળ મેઘ સમાન છે. અરે જીવ! શાંત થા! શાંત થા!! પરથી ઉદાસીન થઈને ચૈતન્યમાં વળ!-એમ બતાવીને વીતરાગની વાણી મહાકલેશનો નાશ કરવા માટે સજળ મેઘ સમાન છે. જગતના કલેશનો નાશ કરવામાં

વીતરાગની વાણી પાછી ફરે નહિ. જે જીવ તે વાણીને ઝીલે તેના સમસ્ત ક્લેશનો નાશ થઈ જાય છે,–એમ ! અહીં ઉપાદાન–નિમિત્તની સંધિ બતાવી છે.

જેમ આગ લાગે ને પાણીના બંબાથી ઓલવે, તેમ દીનજનોના મહાકલેશને વીતરાગની વાણી નાશ કરી નાખે છે; મોટા રાજા–મહારાજા પણ ચૈતન્યના ભાન વિના કામ–ભોગના અપ્રશસ્ત રાગરૂપ અંગારામાં દીનપણે સળગી રહ્યા છે, પણ જે જીવો વીતરાગની વાણીનો આશ્રય કરે છે તે જીવના મહાકલેશનો તે વાણી નાશ કરી નાખે છે. એ રીતે કલેશનો નાશ કરવામાં ભગવાનની વાણી પાણીથી ભરેલા મેઘસમાન છે.

એવી ભગવાનની વાણી તે પરમાગમ છે, તે પરમાગમે ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થો કહ્યાં છે. જુઓ, જગતમાં સાત તત્ત્વો છે, તે સિવાય એક જ તત્ત્વને માને કે ૨૫ તત્ત્વો માને તે યથાર્થ નથી. સાત તત્ત્વોમાં અથવા નવ પદાર્થોમાં આખું જગત આવી જાય છે. સર્વજ્ઞની વાણી તત્ત્વોને કહેનારી છે; આવા સર્વજ્ઞને, તેમની વાણીને અને તેણે કહેલાં તત્ત્વોને ઓળખવાં જોઈએ, તેની ઓળખાણ વિના ધર્મ થાય નહિ.

એવી જ રીતે આચાર્યદેવ શ્રી સમંતભદ્રસ્વામીએ રત્નકરંડશ્રાવકાચારમાં ૪૨ માં શ્લોક દ્વારા કહ્યું છે કે:—

[ **શ્લોકાર્થ**:— ] જે ન્યૂનતા વિના, અધિકતા વિના, વિપરીતતા વિના યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે તેને આગમીઓ જ્ઞાન ( સમ્યગ્જ્ઞાન ) કહે છે.

જેવું વસ્તુસ્વરૂપ હોય તેનાથી કાંઈ ઓછું ન કહે, અધિક ન કહે કે વિપરીત પણ ન કહે; એવી તો વીતરાગની વાણી છે, ને તે આગમના જાણનાર વસ્તુસ્વરૂપને હીનતારહિત, અધિકતારહિત ને વિપરીતતા રહિત જાણે છે, તેને જ આગમવંતો જ્ઞાન કહે છે. આગમ અને જ્ઞાન–એ બન્ને હીનતા, અધિકતા તથા વિપરીતતા રહિત છે. સમ્યગ્જ્ઞાનનું માપ બહારની સભા ઉપરથી નથી. લાખો માણસોની સભામાં બુલંદ અવાજે બોલે માટે તે જ્ઞાની છે–એમ જ્ઞાનીનું માપ નથી, પણ વસ્તુસ્વરૂપ જેવું વીતરાગ વાણીમાં આવ્યું છે તેવું જ જે જ્ઞાન જાણે છે, તેને જ આગમવંત સમ્યગ્જ્ઞાન કહે છે. સેંકડો કે હજારો અવધાન કરે, તે પણ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી. ચૈતન્યસ્વભાવ અને બીજાં તત્ત્વો જે રીતે આગમમાં સર્વજ્ઞે કહ્યાં છે તે જ રીતે હીનાધિકતારહિત ને વિપરીતતા રહિત જે જાણે છે તેને જ જ્ઞાનીઓ સમ્યગ્જ્ઞાન કહે છે.

આગમને ઓળખાવ્યાં અને તે આગમથી થતું જ્ઞાન કેવું હોય તે પણ ઓળખાવ્યું. વળી વસ્તુસ્વરૂપમાં સંદેહ ન હોય, નિઃસંદેહપણે વસ્તુસ્વરૂપને જાણે તે જ સમ્યગ્જ્ઞાન છે.

—✽—

( –ક્રમશઃ )

## સુવર્ણપુરી-સમાચાર–

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું સાધના-તીર્થ અધ્યાત્મ-સૌરભના મઘમઘાટની સાથે સાથે હમણાં જિનેન્દ્રમહિમાના મંગળમય વાતાવરણથી વિશેષ ખીલી ઊઠ્યું છે. આબાળ–ગોપાળ બધામાં, પરમ પૂજ્ય ગુરુદેવના સાતિશય પ્રતાપે અને તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણી છાયાતળે, સુવર્ણપુરીમાં થનારી જિનવરદેવના વીતરાગ પ્રતિમાવૃંદની મંગલ પધરામણીનો અનેરો આનંદ અને ઉત્સાહ વર્તી રહ્યો છે. બધા એની જ તૈયારી, એની જ વાર્તા, એની જ ગાથામાં ગુંથાઈ ગયા છે. બધાને પરમ પૂજ્ય ગુરુદેવના સાતિશય પ્રભાવને અનુરૂપ આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ અત્યુત્તમ રીતે ઊજવવાની ભાવના છે. 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી-સ્વામી સ્મારકયોજના' અંતર્ગત નવનિર્મિત આ ભવ્ય 'પંચમેરુ–નંદીશ્વરજિનાલય'ના અનુપમ ઉત્સવનો અનેરો લાભ લેવા ગુરુભક્ત બધાં મુમુક્ષુ ભાઈબહેનોને વહેલાસર પધારવા હાર્દિક આમંત્રણ છે.

તા. ૨૨-૧-૮૫ના શુભ દિને રાત્રે શુભ ચોઘડિયે બે મોટાં તથા ૪ અંજનગિરિનાં વગેરે પ્રતિમાઓ લઈને એક નાની ટ્રક સોનગઢ આવી ગઈ છે. શેષ પ્રતિમાઓ ચાર–છ દિવસોમાં આવી જશે.

તે પ્રતિષ્ઠેય પ્રતિમાઓ પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઘરે હાલ રાખવાનો નિર્ણય થયો. પ્રતિમાની પેટીઓ ખોલવામાં આવી. વીતરાગ-ભાવવાહી અતિ મનોહર મુદ્રા જોઈને પૂજ્ય ભગવતીમાતા ખૂબ જ પ્રસન્ન થયા. પ્રતિષ્ઠેય પ્રતિમાઓનું અક્ષતમણિથી ભાવભીનું સ્વાગત કર્યું, સ્વાગત–ગીત ગવરાવ્યું. અહા ! તે દૃશ્ય ઘણું જ અદ્‌ભુત, ભક્તિરસ નીતરતું તેમ જ અતિ આનંદકારી હતું. ભક્ત હૃદયો ગજ–ગજ ઊછળી પડ્યાં હતાં, હર્ષોલ્લાસને કોઈ સીમા નહોતી. પ્રતિષ્ઠેય ભગવાન આંગણે પધાર્યા તેમાં પૂજ્ય બહેનશ્રીના આનંદની તો શી વાત ? પણ આ ભવ્ય અવસરથી મુમુક્ષુ-હૃદયો પણ નાચી ઊઠ્યાં હતાં.

તા. ૨૩-૧-૮૫ના મંગલ દિને પ્રાતઃ ૬ાા વાગ્યે 'શ્રી પ્રતિષ્ઠાવેદી-નિર્માણારંભ'ની શુભ વિધિ અર્થે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા મંત્રસંસ્કારિત 'મંગલ-કુંભ' પૂજ્ય બહેનશ્રીના ઘરેથી લાવવાની વિધિ ઇંદ્ર–ઇંદ્રાણી દ્વારા કરવામાં આવી હતી. તે પ્રસંગે શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠા-મહોત્સવની કુંમકુમ નિમંત્રણપત્રિકામાં કંકુના શુભ ચાંદલા તથા કેસર છાંટણાંની કલ્યાણી વિધિ પણ પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા કરવામાં આવી હતી. આ ભવ્ય વિધિ અતિ-આનંદોલ્લાસ-

જનક હતી. ત્યાર પછી શ્રી જિનમંદિરમાં ઇંદ્ર-ઇંદ્રાણીવૃંદે સંક્ષેપથી 'અંગશુદ્ધિ, ન્યાસ ને સકલીકરણ ક્રિયા' કરીને સમસ્ત મુમુક્ષુસંઘ સહિત વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ભાવભીની પૂજા કરી હતી. પછી શ્રી વિનાયક-યંત્રને રજત-શિબિકામાં સસિંહાસન બિરાજમાન કરી વાજતે-ગાજતે જુલૂસપૂર્વક પ્રતિષ્ઠાભૂમિમાં લઈ જઈ, ત્યાં પ્રતિષ્ઠાવેદી-નિર્માણના શુભારંભની (ઇંદ્રો દ્વારા મંગલાષ્ટક, યંત્ર પૂજા તથા મંત્રવિધિ પૂર્વક) મંગળ ક્રિયા થઈ હતી. ઇન્દ્ર-ઇન્દ્રાણીઓનાં હાથે 'પ્રતિષ્ઠાવેદી-નિર્માણ-આરંભ' વિધિનાં તથા કુમકુમપત્રિકા-લેખનનાં આનંદકારી મંગલ દૃશ્યો જોતાં જાણે આજથી જ જિનેન્દ્રપધરામણીનો મંગળ મહોત્સવ શરૂ થઈ ગયો હોય એવું પ્રસન્નતાપૂર્ણ વાતાવરણ સર્જાઈ ગયું હતું. એ રીતે આ વિધિ અતિ ભવ્ય તેમ જ આનંદોલ્લાસપૂર્વક થઈ હતી. આ પ્રસંગે મુંબઈ, ખંડવા, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર વગેરે અનેક ગામોથી મુમુક્ષુઓ સારી સંખ્યામાં આવ્યા હતા.

તત્પશ્ચાત્ પરમાગમમંદિરમાં 'કુમકુમ નિમંત્રણ-પત્રિકા'-આલેખનની મંગલ વિધિ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી હસમુખલાલભાઈ પોપટલાલ વોરા, ઉપાધ્યક્ષ ડૉ. પ્રવીણભાઈ દોશી તથા મુમુક્ષુસમાજના આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ વગેરે અનેક પ્રમુખ મહાનુભાવોના શુભ હસ્તે કરવામાં આવી હતી. પરમ પૂજ્ય ગુરુદેવના પ્રભાવના-ઉદયે થનાર આ ભવ્ય મહોત્સવનો આનંદ ઉપસ્થિત બધા મુમુક્ષુઓનાં હૃદયમાં ઉલ્લસી રહ્યો હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ-પ્રવચનમાં, પૂજ્ય બહેનશ્રીની સાધનામય પવિત્રતા, જાતિસ્મરણજ્ઞાન, શ્રી સીમંધરભગવાનની વાણીમાં આવેલું 'ગુરુદેવનું તીર્થંકરદ્રવ્ય પણું', આ વાત સત્ય છે, છતાં સામાન્ય સમાજ નહિ જીરવી શકે—વગેરે વાત સાંભળીને શ્રોતાઓ પરમ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિભીની ભાવનાથી ભિંજાઈ ગયા હતા.

ટેઈપ-પ્રવચન પછી પ્રતિષ્ઠેય પ્રતિમાઓનું સ્વાગત-જુલૂસ રાખવામાં આવ્યું હતું, જે અતિ ભવ્ય અને આનંદોલ્લાસવર્ધક હતું. નગરજનો પણ સમાગત પ્રતિષ્ઠેય ભગવંતોને જોઈને પ્રસન્નતા વ્યક્ત કરતા હતા. પરમ પૂજ્ય કહાનગુરુનો પ્રભાવના-ઉદય હજુ યથાવત્ વર્તી રહ્યો છે, વધી રહ્યો છે—એ જોઈને સૌ આનંદિત થતા હતા.

આ આનંદકારી મંગલ પ્રસંગની ખુશાલીમાં શ્રી હીરાલાલ ભીખાલાલ, શ્રી હસમુખભાઈ ગાંધી તથા શ્રી ધીરુભાઈ ડેલીવાળા તરફથી મુમુક્ષુઓને સ્વામી-વાત્સલ્ય ભોજન આપવામાં આવ્યું હતું.

આ આનંદદાયી મંગલ મહોત્સવમાં સમાગત મહેમાનો માટે ઊતરવાની, રહેવાની, જમવાની વગેરે સુંદર વ્યવસ્થા રાખવામાં આવી છે. હિન્દીભાષી મહેમાનો માટે તેમને અનુરૂપ તથા ત્યાગીઓ માટે સૌલના ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો છે. સૌએ પોતપોતાનું પાગરણ, બાલદી, લોટો વગેરે આવશ્યક વસ્તુ સાથે લાવવાની છે.

પૂરી ચોકિયાતની વ્યવસ્થા કરવામાં આવી છે, તોપણ આવા મોટા મહોત્સવમાં ચીજવસ્તુનું સંપૂર્ણપણે રક્ષણ અશક્ય હોવાથી, સોના–ઝવેરાતના દાગીના, ટેઈપ-રેકોર્ડર, કૅમેરા વગેરે કીમતી વસ્તુઓ સાથે નહિ લાવવા ભારપૂર્વક ભલામણ છે. રોકડ રકમ ( સુરક્ષા માટે ) સંસ્થાની ઓફિસમાં 'ડિપોઝિટ' કરાવી દેવી.

ઇન્દ્ર-ઇન્દ્રાણી, કુબેર આદિની ઉછામણી પ્રતિષ્ઠા મહોત્સવના પહેલા દિવસે ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦–૨–૮૫ના શુભ દિને સવારે થશે; અને પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરનારની, ઝંડારોપણની તથા શ્રી પંચપરમેષ્ઠીમંડલ-વિધાન પૂજાના ઇન્દ્ર-ઇન્દ્રાણીઓની ઉછામણી તા. ૧૯–૨–૮૫ના દિને સવારે થશે. કૃપાળુ કહાનગુરુની પવિત્ર તીર્થભૂમિમાં આવો અનુપમ લાભ લેવાની ભાવનાવાળા સૌ મુમુક્ષુઓને તા. ૧૮–૨–૮૫ સુધીમાં આવી જવા વિનંતી છે.

પ્રતિષ્ઠામહોત્સવમાં રોજ પૂજ્ય ગુરુદેવશ્રીનું (હીન્દી) ટેઈપ–પ્રવચન, વિભિન્ન દિવસોમાં તેમની વિડિયો–ટેઈપ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન ઉપરાંત પ્રતિષ્ઠાવિષયક કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે :—

ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦–૨–૮૫: શાન્તિજાપપ્રારંભ, પ્રતિષ્ઠા-મંડપમાં શ્રી જિનબિંબ જુલૂસપૂર્વક બિરાજમાન કરવાની વિધિ, ઝંડારોપણવિધિ, ઉછામણી ( ઇન્દ્રો તથા કુબેરની ), શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાન પૂજા, ઉછામણી ( ઇન્દ્રોમાં જુલૂસની ), જિનાભિષેક.

ફાગણ સુદ ૨, ગુરુવાર, તા. ૨૧–૨–૮૫ : વાર્ષિક પ્રતિષ્ઠાદિન નિમિત્તે શ્રી સીમંધરાદિ જિનવરોની પૂજા ( જિનમંદિરમાં ), નાંદીવિધાન ( પ્રતિષ્ઠામંડપમાં વાજતેગાજતે મંગલકુંભની સ્થાપના ), આચાર્ય–અનુજ્ઞા, ઇન્દ્રપ્રતિષ્ઠા, ઇન્દ્રોનું જુલૂસ ( વરઘોડો ), ઉછામણી ( રાજદરબારના રાજાઓની તથા સીમંધરાદિ ભગવંતોની આરતીની ), જિનેન્દ્રભક્તિ, આરતી ( સીમંધરસ્વામી–જિનમંદિરમાં ).

ફાગણ સુદ ૩, શુક્રવાર, તા. ૨૨–૨–૮૫ : ઉછામણી ( જળયાત્રાના કળશોની ), શ્રી યાગમંડલપૂજા, ઉછામણી ( જળયાત્રાના જુલૂસની, ૫૬ કુમારિકા દેવીઓની ), જળયાત્રા, ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા ( ઇન્દ્રસભા, રાજસભા ).

* ગર્ભકલ્યાણક *

ફાગણ સુદ ૪, શનિવાર, તા. ૨૩–૨–૮૫ : ગર્ભકલ્યાણક–સ્વપ્નફલદર્શન, ઉછામણી ( જન્માભિષેકના કલશોની ), ઉછામણી ( જન્માભિષેકના જુલૂસની ), મંદિર–વેદી–ધ્વજ–કલશશુદ્ધિ, ગર્ભકલ્યાણકની શેષ વિધિ ( દેવીઓ દ્વારા માતાને પ્રશ્ન ).

## * જન્મકલ્યાણક *

ફાગણ સુદ ૫, રવિવાર, તા. ૨૪-૨-૮૫: જન્મકલ્યાણક ( રાજસભા, ઇન્દ્રસભા ), જન્માભિષેક માટે ભવ્ય જુલૂસ, સુમેરુપર્વતની પાંડુકશિલા પર બાળક-તીર્થંકર શ્રી આદિનાથનો જન્માભિષેક, નાભિરાજના મહેલમાં ઇન્દ્રો દ્વારા તાંડવ-નૃત્ય, ઉછામણી ( પારણાઝૂલનની, યુવરાજ આદિનાથના રાજ્યાભિષેક પ્રસંગે અભિવાદન કરવા આવનાર રાજાઓની, દીક્ષાકલ્યાણકના જુલૂસની, ૪ ભૂમિગોચરી ને ૪ વિદ્યાધર રાજાઓની, ૮ લૌકાંતિક કુમારદેવોની ), પારણાઝૂલનવિધિ, રાજ્યાભિષેક તથા રાજસભા.

## * દીક્ષાકલ્યાણક *

ફાગણ સુદ ( પહેલી ) ૬, સોમવાર, તા. ૨૫-૨-૮૫ : મહારાજા આદિનાથ તીર્થંકરને વૈરાગ્ય, જૈનેશ્વરી દીક્ષા માટે વનપ્રયાણ ( જુલૂસ ), દીક્ષાગ્રહણવિધિ, દીક્ષા-વનમાં વૈરાગ્યપ્રવચન (પૂજ્ય ગુરુદેવનું), અંકન્યાસવિધિ, ઉછામણી (પરમ પૂજ્ય ગુરુદેવના આરસ-અંકિત ભવ્ય ચિત્રપટના તથા 'વચનામૃત-પટ'ના અનાવરણની, સમાધિ-મંદિરમાં સ્વસ્તિક-અંકિત કમળના સ્થાપનની ને ચિત્રોના અનાવરણની ), તીર્થંકર આદિનાથ મુનિરાજની ભક્તિ, નમિ-વિનમિ દ્વારા આદિનાથ-મુનિરાજ પાસે રાજ્ય-યાચના, આદિનાથના નવ ભવનું ચિત્રદર્શન.

## * કેવળજ્ઞાનકલ્યાણક *

ફાગણ સુદ ( બીજી ) ૬, મંગળવાર, તા. ૨૬-૨-૮૫ : ઉછામણી ( મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન વગેરે ૩ જિનબિંબ-પ્રતિષ્ઠાની ), તીર્થંકર આદિનાથ મુનિવરને હસ્તિનાપુરમાં રાજા સોમપ્રભ ને શ્રેયાંસકુમાર દ્વારા આહારદાન, કેવળજ્ઞાનકલ્યાણક, સમવસરણ-રચના, જિનવરદેશના (પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રાસંગિક ટેઈપ-પ્રવચન ), ઉછામણી ( પંચમેરુ-નંદીશ્વરનાં જિનબિંબોની પ્રતિષ્ઠાની, વિધિનાયક શ્રી આદિનાથની પ્રતિષ્ઠાની, કલશ-ધ્વજ વગેરેની, વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિની ), કેવલજ્ઞાનકલ્યાણકની પૂજા તથા ભક્તિ.

## * નિર્વાણકલ્યાણક * જિનબિંબપ્રતિષ્ઠા *

ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭-૨-૮૫ : કૈલાશપર્વત પર નિર્વાણકલ્યાણક, નિર્વાણપૂજા, પ્રતિષ્ઠિત જિનબિંબોને જુલૂસપૂર્વક પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં લાવવાની મંગલ વિધિ, વેદીમાં શ્રી જિનબિંબપ્રતિષ્ઠા ( પ્રાત : ૮ થી ૯ ), કલશ-ધ્વજારોહણ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટની તથા 'વચનામૃત'પટની અનાવરણ-

વિધિ; ('કહાનગુરુ-સમાધિમંદિર'માં સ્વસ્તિક અંકિત કમળની સ્થાપના તથા ચિત્રોની અનાવરણવિધિ), શાન્તિયજ્ઞ, ઉછામણી (રથયાત્રાની તથા આરતીની), આભારવિધિ, ભવ્ય રથયાત્રા, આરતી (પંચમેરુ-નંદીશ્વર-જિનાલયમાં), જિનેન્દ્રભક્તિ (પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં).

—इति शुभं भूयात् । जैनं जयतु शासनम् ।

* * *

❀ આ ભવ્ય જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ ભારતવર્ષના સુપ્રસિદ્ધ સંત અધ્યાત્મયુગપ્રવર્તક સ્વાત્માનુભવી સત્પુરુષ પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તચુડામણિ પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિવિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલવર્ધિની છત્રછાયામાં ઊજવવામાં આવશે.

❀ આ શુભ પ્રસંગે ભક્તિભાવ-પ્રદર્શન વડે મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરવા ઘાટકોપરની તેમ જ વઢવાણ શહેરની દિગંબર જૈન ભજનમંડળી આવશે.

❀ આ મંગલ મહોત્સવના વિવિધ પ્રસંગોની વિડિયો–ટેપ ઉતારવામાં આવશે.

❀ ઉત્સવના કાર્યક્રમમાં આવશ્યકતાનુસાર યથોચિત ફેરફાર કરવામાં આવશે. અને તે સભામાં જાહેર કરવામાં આવશે.

❀ અધ્યાત્મતત્ત્વપિપાસુ જીવોને આ અનુપમ અવસરનો લાભ લેવા પુનઃ પુનઃ હાર્દિક આમંત્રણ છે.

* * *

❀ શ્રી સીમંધરસ્વામી-દિગંબર જિનમંદિરના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે તા. ૧૪–૨–૮૫ થી ૧૯–૨–૮૫ સુધી જિનમંદિરમાં શ્રી વીસ વિહરમાન જિનમંડલ-વિધાનપૂજા રાખવામાં આવી છે.

❀ ફાગણ સુદ ૮ થી ૧૫ સુધી (ફાલ્ગુની અષ્ટાહ્નિકા દરમ્યાન) નવનિર્મિત શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલયમાં શ્રી પંચમેરુ–નંદીશ્વરવિધાનપૂજા અત્યાનંદોલ્લાસ-પૂર્વક કરવામાં આવશે.

❀ ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૫–૩–૮૫ ના દિને શ્રી પરમાગમમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ વિશેષ પૂજાભક્તિ સહ ઊજવવામાં આવશે.

❀ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૩ મી 'સમ્યકત્વ-જયંતી' (તા. ૧૬–૩–૮૫) નિમિત્તે ફાગણ વદ ૬ મંગળવાર, તા. ૧૨–૩–૮૫ થી ફાગણ વદ ૧૦, શનિવાર, તા. ૧૬–૩–૮૫ પાંચ દિવસનો ઉત્સવ રાખવામાં આવ્યો છે.

તે પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો ઉપરાંત સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનોનો પણ લાભ મળશે. આ શુભ પ્રસંગનો લાભ લેવા સર્વે મુમુક્ષુ ભાઈબહેનોને સોનગઢ પધારવાનું આમંત્રણ છે. નિમંત્રણપત્રિકા, મુમુક્ષુઓને મોકલવામાં આવશે.

મુમુક્ષુ મહેમાનો તથા હિન્દીભાષી દિગંબર જૈન યાત્રીઓના શુભાગમનથી સુવર્ણપુરી 'અધ્યાત્મતીર્થભૂમિ' તરીકે વિશેષ વિશેષ પ્રસિદ્ધ થતી જાય છે. હિન્દીભાષીઓની માગણીને લક્ષમાં લઈને પૂજ્ય ગુરુદેવશ્રીનાં હિન્દીભાષામાં અપાયેલાં પ્રવચનો સંભાળવામાં આવે છે.

—આ રીતે ધાર્મિક વાતાવરણથી સુવર્ણપુરી સદૈવ ગુંજતી રહે છે. અહો! જયવંત વર્તો શ્રી જિનબિંબ-પંચકલ્યાણક–મહોત્સવ! જયવંત વર્તો જિનમહિમાપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો મંગલમય પ્રભાવના-ઉદય!! અને જયવંત વર્તો પૂજ્ય બહેનશ્રીની મંગલવર્ષિની છાયાતળે નિતનવા ઉત્સવોથી મઘમઘતું સુવર્ણપુરી-તીર્થધામ!!!

—o—

* રૂા.૧,૫૦,૫૫૫/– નાઈરોબી નિવાસી સ્વ. શ્રી સુરેશભાઈની સ્મૃતિ નિમિત્તે અ. સૌ. ગંગાબેન કરમણભાઈ નરશીભાઈ શાહ તથા પરિવાર તરફથી શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના વિવિધ દાન ખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા છે.

* આ જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ ભવ્યતા પૂર્વક ઉજવવા માટે તથા આ ભવ્ય મહોત્સવના આયોજનને સુવ્યવસ્થિત રીતે પહોંચી વળવા માટે અધ્યક્ષ મહોદય શ્રી હસમુખભાઈ વોરાના અધ્યક્ષપણા નીચે એક સુપ્રિમ કમિટિની જે રચના કરવામાં આવી છે તેની દોરવણી નીચે ભિન્ન ભિન્ન પેટા કમિટિઓ પોતપોતાના કાર્યો ઝડપથી કરી રહી છે. જનરલ મેનેજમેન્ટ મેનેજર શ્રી ધીરુભાઈ ભોરડીયા સંભાળી રહ્યા છે.

* આ ભવ્ય જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ માટે તારનું સરનામુ 'કહાન-ગુરુ' રાખવામાં આવેલ છે.

* આ ભવ્ય પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવના સમાચારને પ્રકાશિત કરવા માટે માર્ચનો આગામી અંક મોડો બહાર પાડવામાં આવશે.

* સોનગઢના શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલય માટે એક પૂજારીની આવશ્યકતા છે. આ કાર્ય માટે રસ ધરાવતી વ્યક્તિએ શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢનો સંપર્ક સાધવો.

# * પ્રભુદર્શનનો આહ્લાદ *

શ્રી પદ્મનંદીપંચવિંશતિમાં એક જિનવરસ્તોત્ર છે, તેમાં કહે છે કે 'હે જિનેશ! હે પ્રભો! આપનાં દર્શનથી મારા નેત્ર સફળ થયા છે તથા મારું મન અને શરીર જાણે કે અમૃતથી શીઘ્ર સિંચાઈ ગયાં હોય એમ ભાસે છે.' પોતાના આત્માનું લક્ષ ને સર્વજ્ઞના ગુણોની ઓળખાણપૂર્વક કહે છે કે હે નાથ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રો વડે આપને દેખવાથી મારી શ્રદ્ધા–જ્ઞાન પર્યાય સફળ થઈ ગઈ. બહારમાં જિનવરદેવની પ્રતિમાના દર્શનથી બહારની આંખો સફળ અને અંતરંગમાં જિનવરસ્વભાવી આત્માને દેખાતાં જ અંતરના શ્રદ્ધા–જ્ઞાનરૂપી ચક્ષુ સફળ થયાં. હે જિન! આપને જોતાં હું મને સફળ માનું છું. વિકલ્પ થાય તેને હું જોતો જ નથી. તારા દર્શનથી મારી આંખો સફળ થઈ, અવતાર સફળ થયો અને અનંતકાળે નહિ થયેલો એવો અપૂર્વ આત્મભાવ પ્રગટ થયો. તારી ઓળખાણથી મારું જીવન સફળ થયું–ધન્ય થયું. હે નાથ! તારા દર્શનથી આત્મા તો આનંદમય થયો–અમૃતથી સિંચાઈ ગયો, પરંતુ શરીર અને મન પણ અમૃતથી સિંચાઈ ગયાં છે. જેમ ઘણાં લાંબા કાળે પોતાનાં વહાલા પુત્રને જોતાં જ સાચી માતાના હૃદયમાં હર્ષ ઊભરાઈ જાય, પુત્રપ્રેમથી છાતી ફૂલાઈ જાય અને વસ્ત્રની કસ તૂટી જાય તથા સ્તનમાંથી દૂધની ધાર છૂટે....તેમ હે ચૈતન્ય ભગવાન! અનંતકાળે તારા દર્શન મળ્યાં, તારા દર્શન વડે સ્વભાવ સમજવાથી મારો આત્મા ઉલ્લસિત થયો, મારા દૃષ્ટિના બંધન તૂટી ગયાં અને અમૃતની ધારા છૂટી. હું કૃતકૃત્ય થયો. અહા! એમ ન સમજશો કે કે આચાર્યદેવે આ વાણીનો વિલાસ કર્યો છે, આ તો યથાર્થ ઓળખાણના ભાવનો જ્ઞાનીનો ઉલ્લાસ છે. અસંખ્ય આત્મપ્રદેશ આનંદથી પ્રફુલ્લિત થયાં છે. હે નાથ! તારા દર્શન કરતાં મારો આત્મા તો અમૃતરસથી સિંચાઈ ગયો પરંતુ આત્માના પાડોશમાં રહેનારાં આ શરીર, મન અને વાણીને પણ તેની છાંટ લાગી તેથી તે પણ અમૃતરસથી ભીંજાઈ ગયા! આ રીતે પૂર્ણ પરમાત્મપદના સાધક ધર્માત્માને પૂર્ણપદને પ્રાપ્ત એવા ભગવાન પ્રત્યે ઉલ્લાસ આવે છે. તેમના પ્રતિબિંબના દર્શન થતાં પણ જાણે કે સાક્ષાત્ ભગવાન જ ભેટ્યા હોય એવો આહ્લાદ વર્તે છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલા રત્નો

(૧) આ જિનાગમ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનારું છે. તેનો જે જીવોએ આશ્રય લીધો છે તે જીવો અનંત સંસાર-સાગરને ઓળંગીને મુક્ત થયા છે. આવું આ જિનશાસન સદાય વૃદ્ધિગત હો. આ જિનશાસનને હું નમસ્કાર કરું છું.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા-૧૧)

(૨) જે વચન જીવોનું ઈષ્ટ-હિત કરનારું હોય તે વચન અસત્ય હોય તો પણ સત્ય છે. અને જે વચન પાપસહિત હિંસારૂપ કાર્યને પુષ્ટ કરતું હોય તો તે સત્ય હોય તો પણ અસત્ય અને નીંદનીય છે.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ ૯, ગાથા-૨)

(૩) કોઈ કોઈ માત્ર જ્ઞાનથી જ આત્માની શુદ્ધિ થવી માને છે તે તેમનો મોટો ભ્રમ છે. કારણ કે ઔષધિનું સ્વરૂપ જાણવા માત્રથી કોઈનો રોગ દૂર થતો નથી, પરંતુ ઔષધિ સેવનથી જ રોગ દૂર થાય છે. તેમ જ્ઞાનની સાથે શ્રદ્ધા અને ચારિત્ર હોતા જ આત્માની શુદ્ધિ (મુક્તિ) થાય છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, ધર્મ-પરીક્ષા, પરિચ્છેદ ૧૭મું, શ્લોક-૫૫)

(૪) સમસ્ત ધર્મનું મૂળ ભાવના છે. ભાવનાથી જ પરિણામની ઉજ્જવળતા થાય છે. ભાવનાથી મિથ્યાત્વનો અભાવ થાય છે. ભાવનાથી વ્રતમાં દૃઢ પરિણામ થાય છે. ભાવનાથી વીતરાગતાની વૃદ્ધિ થાય છે. ભાવનાથી અશુભ-ધ્યાનનો અભાવ થઈને શુભધ્યાનની વૃદ્ધિ થાય છે. ભાવનાથી આત્માનો અનુભવ થાય છે. ઈત્યાદિ હજારો ગુણોની ઉત્પત્તિ ભાવનાથી થતી જાણી, ભાવનાને એક ક્ષણ પણ છોડો નહિ.

(શ્રી રત્નકરંડ શ્રાવકાચાર - ટીકા, ભાવના-મહા અધિકારના ઉપોદ્‌ઘાતમાંથી)

(૫) આ સંસારમાં સદ્‌વિચારરૂપ બુદ્ધિ હોવી પરમ દુર્લભ છે. તેમાં પણ પરલોક હિતાર્થ ભણી બુદ્ધિ થવી તો અત્યંત દુર્લભ છે. એવી બુદ્ધિ પ્રાપ્ત થવા છતાં પણ જે જીવો પ્રમાદી બની રહ્યાં છે તે જોઈને જ્ઞાની પુરુષોને પણ શોક અને દયા ઉત્પન્ન થાય છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૯૮)

[ પ્રતિષ્ઠામહોત્સવ પૃષ્ઠ નં. ૨ થી ચાલુ ]

આ મંગલ મહોત્સવ અતિ ભવ્યતાથી ઊજવવા માટે ખૂબ ગૌરવ તેમ જ અતિ આનંદોલ્લાસ વર્તી રહ્યા છે.

પ્રદીપ—નિરંજનભાઈ! એમ લાગે છે કે પરમ પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિમાં ઊજવવામાં આવનાર આ પ્રતિષ્ઠામહોત્સવ ખરેખર, એક અનુપમ આનંદદાયી અવસર થશે. આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા માટે તમે સૌ સોનગઢ ક્યારે પહોંચો છો?

નિરંજન—પ્રદીપ! પ્રતિષ્ઠામહોત્સવની (ઇંદ્રો, કુબેર, વગેરેની) મહત્ત્વપૂર્ણ ઉછામણી ઉત્સવના પહેલા દિવસે—ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦–૨–૮૫ ના રોજ—સવારે બોલવામાં આવશે, અને પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ઝંડારોપણ તથા પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજાના ઇંદ્રોની ઉછામણી તા. ૧૯–૨–૮૫ મંગળવારના દિવસે થશે. માટે અમે બધાં તા. ૧૮–૨–૮૫ ના રોજ સોનગઢ પહોંચી જઈશું.

પ્રદીપ—બરાબર છે. તા. ૧૮–૨–૮૫ ના દિવસે તો સોનગઢ પહોંચી જ જવું જોઈએ. અમે પણ તે જ દિવસે પહોંચવા માટે આજે જ ટિકિટોનું રિઝર્વેશન કરાવી લઈશું.

અહો!

સ્વર્ણપુરીકી શોભા ન્યારી,
કહાનગુરુકી મહિમા ભારી,
નંદીશ્વર-રચના મનહારી,
ભવ્ય ભક્તકો હૈ અતિ પ્યારી,
શોભા જિનવર-ધામકી......(૪)
મહિમા ગુરુવર કહાનકી...(૪)

નિરંજન—બહુ સરસ! આપણે સુવર્ણપુરી સાથે જઈશું.

પ્રદીપ—હા; સુવર્ણપુરીના પંચકલ્યાણક મહોત્સવ ઊજવવા સાથે જ જઈશું ને ભવિષ્યમાં સાક્ષાત્ તીર્થંકરદેવના પંચકલ્યાણક ઊજવવા પણ સાથે જ જઈશું.

જય હો ભૂત-વર્તમાન-ભાવિ તીર્થંકર દેવનો...જય હો.

—૦—

# * પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

❖ મારા આત્માના આનંદ પાસે આખી દુનિયા ભુલાઈ જાય એવું મારું સ્વરૂપ છે.

❖ મરણ સમયે તો ઇચ્છા મુજબ પરમાણુ કામ નહિ કરે, પરંતુ અત્યારે પણ ઇચ્છાને લઈને પરમાણુ કામ કરતાં નથી. પણ એને ખબર નથી. પરથી તો તું મરી ગયેલો જ છો, શુદ્ધ સ્વરૂપ જ તારું જીવન છે.

❖ બાપનો આત્મા ક્યાંકથી આવ્યો, માનો આત્મા ક્યાંકથી આવ્યો, છોકરાનો આત્મા ક્યાંકથી આવ્યો ને છોકરીનો આત્મા ક્યાંકથી આવ્યો—તે બધાં અહીં ભેગા થયા. ત્યાં બાપ-દીકરો (એક) ક્યાંથી થઈ ગયા! એ ઉપરથી એમ વિચાર આવ્યો કે ખરેખર તો બે પર્યાય પણ એક થતી નથી, ભૂતની ને ભવિષ્યની પર્યાય પણ એક થતી નથી, તો આ જુદે જુદાં (બાપ-દીકરો આદિ) એક ક્યાંથી થઈ ગયા!!

❖ શુભ-અશુભ ભાવમાં આત્માનું મરણ થાય છે. જીવન-જ્યોતિ ઝાંખી પડી જાય છે. એનાથી આત્માને લાભ થાય એમ માનવું તે મિથ્યાત્વ અંધકાર છે.

❖ ભાઈ! બહારમાં દેખવાને માટે તું આંધળો થા, અને અંદરમાં દેખાવાને માટે તું સૂર્ય સમાન તેજસ્વી થા.

Licence No. 3 'Licensed to post [without pre]payment'

To,

1877 A Shree Nayanaben H. Ajmera
Modi No. 2
opp. Shree Takies, Sita Burday
NAGPUR (M. S.)

If undelivered please return to :-
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) પીન : ૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250